RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# દૈનિક અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૨૬● તારીખ: ૧૪-૦૮-૨૦૨૫,ગુરુવાર● પાના : ૧૦ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# "અખંડ ભારત સંકલ્પ દીવસ - ૧૪ ઓગષ્ટ"

૧૫મી ઓગષ્ટનાં દિવસે સમગ્ર રાષ્ટ્ર આઝાદીની ઉજવણીમાં ડૂબેલું હોય છે.

આ ઝગમગાટ ૧૪ ઓગષ્ટ ૧૯૪૭ની મધરાતની કાલીમાને ભૂંસી નાખવાનો પ્રયાસ કરતો હોય તેવું લાગે છે.

એ વિભાજનની રાતે ભારતમાતાની ધરતીમાં તિરાડો પડી અને પાકિસ્તાનનો જન્મ થયો. આ વિભાજન સાદું અને સરળ પણ ન હતુ. વિશ્વમાં ક્યારેય ન થયો હોય તેવો લોહિયાળ હત્યાકાંડ વિભાજન સમયે થયો. એક સાથે ૫ લાખ હિંદુઓની હત્યા થઈ અને રાતોરાત ૧ કરોડથી વધુ હિંદુઓ નિરાધાર, નિરાશ્રિત બન્યા.

શું સ્વતંત્રતા ઉત્સવનાં આનંદમાં વિભાજનની કરુણ ગાથા વિસરાઈ તો નથી ગઈ ને ?




વિભાજનની વેદના જ કદાચ "અખંડ ભારત"ની સ્વપ્નસમી લાગતી પ્રક્રિયાને સાકાર રૂપ આપી શકે !

રાષ્ટ્ર અખંડ છે.

રાષ્ટ્રોનું વિભાજન અને સંયોજન નિરંતર ચાલનારી પ્રક્રિયા છે. સરકારો, શાસકો અને નેતાઓની ભૂલો વિભાજનને નોતરે છે અને રાષ્ટ્રોની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક અસ્મિતા સંયોજન તરફ દોરી જાય છે.

કોઈ માનવી સાથેની આ તે કેવી મજાક કે,

એ જન્મ્યો ત્યારે ભારતીય..

જુવાન થયો ત્યારે પાકિસ્તાની..

અને પ્રૌઢ થયો ત્યારે બાંગ્લાદેશી..

શું રાષ્ટ્રીયતા આ રીતે બદલાતી રહે !!

આટલી કૃત્રિમ ચીજ છે !!

સંસ્કૃતિની નિયામિકા શક્તિ છે 'ભૂ' અને 'જન'. હિમાલયની છાયામાં સિંધુનાં કિનારે જે સંસ્કૃતિ વિકસે તેં 'ભારતીય' સિવાય બીજુ કાંઈ જ ન હોઈ શકે.

૧૪ ઓગષ્ટ ૧૯૪૭ પૂર્વે પણ ભારતમાતાનાં અનેક અંગો કપાયા. જેમ કે,

૧૮૫૮માં શ્રીલંકા,

૧૮૭૬માં અફઘાનિસ્તાન,

૧૯૦૪માં નેપાળ,

૧૯૦૬માં ભૂતાન,

૧૯૧૪માં તિબેટ,

૧૯૩૮માં મ્યાનમાર,

૧૯૪૭માં પાકિસ્તાન અને બાંગ્લાદેશ.

ભૌગોલિક દ્રષ્ટિએ તો ભારતનાં ઘણા ટુકડા થયા ગણાય પણ સાંસ્કૃતિક દષ્ટિએ ભારત અખંડ છે.

ભારત જગતનું પ્રાચીનતમ રાષ્ટ્ર છે અને હજારો વર્ષોથી તે એક રાષ્ટ્ર રહ્યું છે. તેનાં અનેક પ્રમાણો છે.

વિષ્ણુ પુરાણમાં આ દેશનું વર્ણન છે નેપાળમાં મિથિલા;

મ્યાનમારમાં આવેલું માંડલે અને રંગુન;

તિબેટમાં આવેલું માનસરોવર, માનસરોવર પાસેનું માનસપીઠ;

પાકિસ્તાનમાં વહેતી પવિત્ર સિંધુ નદી, સિંધ પ્રાંતમાં સાધુવેલા તીર્થ, પેશાવરનું કટાક્ષરાજ, પંજાબમાં ભકત પ્રહલાદનું જન્મસ્થળ મુલસ્થાન, લવપુર (આજનું લાહોર), મોહન જો દડો, બલુચિસ્તાનનું હિંગુલા ;

બાંગ્લાદેશમાં આવેલું ઢાકેશ્વરીદેવીનું મંદિર, યશોહર, ખુલના, સુગંધા, બૌગડાનું અપર્ણાદેવીનું મંદિર, ચટ્ટગ્રામ પાસેનું ભવાની મંદિર વગેરે પવિત્ર સ્થળોએ આજે પણ ભારતને સાંસ્કૃતિક રીતે જોડેલો રાખ્યો છે.

અખંડ ભારત સત્ય છે, ખંડિત ભારત અસત્ય.

'ભારતનું વિભાજન અપ્રાકૃતિક છે અને ભારત પુનઃ અખંડ થઈને જ રહેશે' - આ વિધાન આધુનિક યુગના ઋષિ અરવિંદ ઘોષે ઉચ્ચાર્યું છે. આ વિધાન સાચું ત્યારે જ બને જ્યારે સમગ્ર રાષ્ટ્રનું એક મન બને અને પ્રત્યેક વ્યક્તિ અખંડ ભારતનું પુણ્યસ્મરણ કરે.

જો ૧૭૦૦ વર્ષ સુધી પોતાની ભૂમિ વિના જીવેલા યહૂદીઓને એમનાં સંકલ્પબળથી ઈઝરાયલ પાછું મળતું હોય,

જો ખંડિત ઉત્તર અને દક્ષિણ વિયેતનામ અને કોરિયા ફરી એક થઈ શકતા હોય,

જો સાંસ્કૃતિક ચેતનાના બળે પૂર્વ અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ થઈ શકતું હોય તો ભારત પણ ફરી એક અને અખંડ થઈ જ શકે છે.

અત્યારે પરિસ્થિતિ ભલે વિષમ જણાતી હોય અને 'અખંડતા' સ્વપ્રસમાન લાગતી હોય, પણ રાષ્ટ્રની વિભાવના સ્થૂળ નથી, સૂક્ષ્મ છે. રાષ્ટ્ર તો એનાં જન - જનમાં વસેલું હોય છે. પ્રત્યેક વ્યક્તિનાં ધબકારામાં રાષ્ટ્ર હોય છે. જરૂર છે તો રાષ્ટ્રની વ્યથાને તીવ્રપણે અંતઃકરણમાં ધારણ કરવાની. રાષ્ટ્રમાં વસતા નાગરિકોના માનસથી જો કોઈક વિષમ પરિસ્થિતિઓમાં રાષ્ટ્રનું વિભાજન થતું હોય તો એવા જ કોઈક પલટાયેલા માનસ કે પરિસ્થિતિઓથી રાષ્ટ્રનું સંયોજન પણ થઈ શકે છે.

આજના ૧૪ ઓગષ્ટનાં દિવસે આપણે સૌ પ્રબળ સંકલ્પ લઈએ કે, રાષ્ટ્રના પ્રત્યેક સંતાનોમાં "અખંડ ભારત"ના સ્વપ્નનું બીજારોપણ કરીશું અને સૌના સહિયારા પ્રયાસથી આ ખંડિત ભારતને ફરીથી અખંડ બનાવીશું.. ..

જય હિંદ. ભારત માતા કી જય.

## 'બે નેતાએ મને જાનથી મારવાની ધમકી આપી, મને વધુ સુરક્ષા આપો' રાહુલ ગાંધીની કોર્ટમાં અરજી




કોંગ્રેસના વિપક્ષના નેતા રાહુલ ગાંધી મહાન સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકર અંગે અપમાનજનક ટીકા કરવાના કેસમાં આજે પુણેની કોર્ટમાં હાજર થયા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, વીર સાવરકર પર નિવેદન મામલે મારા જીવ પર ખતરો છે અને બે નેતાઓએ મને જાનથી મારવાની ધમકી આપી છે. આ કારણે રાહુલ ગાંધીએ કોર્ટ સમક્ષ વધુ સુરક્ષા આપવાની માંગ કરી છે. વાસ્તવમાં તેમણે ૨૦૨૨માં વીર સાવકર પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું, જેના કારણે સત્યાકી સાવરકરે તેમને વિરુદ્ધ કેસ કર્યો હતો.

રાહુલ ગાંધી વતી હાજર થયેલા વકીલ મિલિંદ દત્તાત્રય પવારે કોર્ટમાં લેખીત અરજી આપીને કહ્યું કે, 'ફરિયાદી નાથુરામ ગોડસે અને ગોપાલ ગોડસેના વંશજ છે અમને તેમનો ઈતિહાસ હિંસક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે. વર્તમાન રાજકીય સ્થિતિ અને કેટલાક નેતાઓના વિવાદસ્પદ નિવેદનોના કારણે રાહુલ ગાંધીના જીવ પર ગંભીર ખતરો છે.' આ દરમિયાન રાહુલ ગાંધીએ રવનીત સિંહ બિટ્ટૂ અને તરવિંદર સિંહ મારવાહના નામનો ઉલ્લેખ કર્યો હતો. આ દલીલ બાદ કોર્ટે અરજીને ધ્યાને લીધી છે.

રાહુલ ગાંધીના વકીલે કોર્ટમાં જે અરજી કરી છે, તેમાં રવનીત સિંહ બિટ્ટૂ અને ભાજપ નેતા તરવિંદર સિંહ મારવાહનું છે. રવનીતે રાહુલને દેશનો નંબર એક આતંકવાદી કહ્યો હતો, જ્યારે મારવાહે ધમકી આપી કહ્યું હતું કે, રાહુલના હાલ તેમની દાદી જેવા થશે. રાહુલના વકીલે સુનાવણી દરમિયાન રાહુલ ગાંધીને વધુ સુરક્ષા આપવાની કોર્ટને માંગ કરી છે.

વી.ડી.સાવરકરના પૌત્ર સત્યાકી સાવરકરે રાહુલ ગાંધી વિરુદ્ધ પુણે કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં દાવો કર્યો છે કે, 'રાહુલ ગાંધીએ લંડનમાં એક ભાષણ દરમિયાન સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકર અંગે વાંધાજનક ભાષણ આપ્યું હતું, તેમાં તેમણે કહ્યું હતું કે, સાવરકરે પોતાની પુસ્તકમાં લખ્યું છે કે, તેમણે અને તેમના મિત્રોએ એક મુસ્લિમ વ્યક્તિની ધોલાઈ કરી, ત્યારે તેમને ખુશી થઈ હતી.

## સોનિયા ગાંધી દેશના નાગરિક નહોતા, તો પણ મતદાર યાદીમાં નામ હતું ભાજપ નેતાએ શેર કર્યા પુરાવા





ચૂંટણી પંચ દ્વારા બિહારમાં શરૂ કરાયેલ મતદાર યાદી સુધારણા (SIR) મામલે વિપક્ષો ભારે વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી SIR મામલે રોજબરોજ ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપો કરતા રહ્યા છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટમાં પણ SIRનો મામલો પહોંચી ગયો છે, ત્યારે ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધી, મતદાર યાદીમાં સોનિયા ગાંધીના નામમાં ગેરરીતિ થઈ હોવાના પુરાવા શેર કર્યા છે.

ભાજપ આઈટી સેલના પ્રમુખ અમિત માલવિયાએ દાવો કર્યો છે કે, જ્યારે સોનિયા ગાંધી ભારતના નાગરિક ન હતા, ત્યારે તેમનું નામ મતદાર યાદીમાં બે વખત રજીસ્ટર્ડ થયેલું હતું અને આ બાબત ચૂંટણી કાયદાનું સ્પષ્ટરૂપે ઉલ્લંઘન થયું હોવાનું દેખાઈ રહ્યું છે. આ જ કારણે રાહુલ ગાંધી અયોગ્ય, ગેરકાયદેસર અને SIRનો વિરોધ કરી રહેલા મતદારોને કાયદેસર કરવાની તરફેણ કરી રહ્યા છે.માલવિયાએ સોશિયલ મીડિયા એક્સ પર પુરાવા સાથે પોસ્ટ લખી છે, જેમાં તેમણે દાવો કર્યો છે કે, મતદાર યાદીમાં સોનિયા ગાંધીનું નામ પહેલીવાર ૧૯૮૦માં નોંધાયું હતું, જોકે તેઓ તે વખતે ઈટાલીના નાગરિક હતા અને હજુ સુધી તેમને ભારતીય નાગરિકતા મળી નથી. તે વખતે ગાંધી પરિવાર ૧, સફદરજંગ રોડ, પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના નિવાસસ્થાને રહેતો હતો. તેથી મતદાર યાદીમાં આ જ સરનામે ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સંજય ગાંધી અને મેનકા ગાંધીનું નામ હતું. વર્ષ ૧૯૮૦માં મતદાર યાદી સુધારણા હાથ ધરાઈ હતી, જેમાં એક જાન્યુઆરી-૧૯૮૦ માન્યતા તારીખ રાખવામાં આવી હતી. આ દરમિયાન સોનિયા ગાંધીનું નામ પોલિંગ સ્ટેશન નંબર-૧૪૫માં ૩૮૮ ક્રમે જોડવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે, '૧૯૮૨માં વિવાદ થયો હતો, જેના કારણે સોનિયા ગાંધીનું નામ મતદાર યાદીમાંથી હટાવી દેવાયું, પછી ૧૯૮૩માં ફરી મતદાર યાદીમાં નામ રજિસ્ટર્ડ કરી પોલિંગ સ્ટેશન ૧૪૦માં ૨૩૬ ક્રમ આપવામાં આવ્યો. આમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે, તે વખતે મતદાર યાદી સુધારણા હાથ ધરાઈ ત્યારે યોગ્ય તિથી એક જાન્યુઆરી-૧૯૮૩ નક્કી કરવામાં આવી હતી, જ્યારે સોનિયા ગાંધીને ૩૦ એપ્રિલ-૧૯૮૩માં ભારતીય નાગરિકતા મળી હતી.

## આઈફોન હેક કરનારને ૧૭.૪૯ કરોડ રૂપિયા આપશે એપલ...

એપલ દ્વારા દુનિયાભરના હેકર્સને ખૂબ જ મોટી ચેલેન્જ આપવામાં આવી રહી છે. આઈફોનને હેક કરી આપનારને હવે ૧૭.૪૯ કરોડ રૂપિયા ચૂકવવાની ઓફર આપી છે. એપલ દ્વારા તેમના સોફ્ટવેર અથવા તો ડિવાઈસમાં કોઈ પણ મોટી સમસ્યા શોધી આપવામાં આવશે તો તેમને બે મિલિયન અમેરિકન ડોલર એટલે કે ૧૭.૪૯ કરોડ રૂપિયા સુધીની રકમ ચૂકવવામાં આવશે.એપલ ૨૦૨૨થી સિક્યુરિટી બાઉન્ટી પ્રોગ્રામ રજૂ કરે છે. આ બાઉન્ટી પ્રોગ્રામમાં દુનિયાભરના હેકર્સને એપલની પ્રોડક્ટ હેક કરી એમાં ખામી શોધી આપવા માટેની ઓફર આપવામાં આવે છે. સોફ્ટવેર અથવા તો ડિવાઈસમાં જેટલો મોટો પ્રોબ્લેમ શોધી આપવામાં આવે એટલી મોટી રકમ આપવામાં આવે છે.એપલની પ્રોડક્ટને ઘણી રીતે હેક કરી શકાય છે. આથી ફિઝિકલ ડિવાઈસ અટેકમાં ૨,૫૦,૦૦૦ અમેરિકન ડોલર એટલે કે ૨.૧૮ કરોડ રૂપિયા સુધીની રકમ ચૂકવવામાં આવી શકે છે. એપ્લિકેશન અથવા તો નેટવર્કને હેક કરવામાં આવે તે ૧,૫૦,૦૦૦થી ૨,૫૦,૦૦૦ અમેરિકન ડોલર એટલે કે અંદાજે ૧.૩૧ કરોડથી લઈને ૨.૧૮ કરોડ રૂપિયા સુધીની રકમ ચૂકવવામાં આવે છે. જો કોઈ હેકર્સ ઝીરો-ક્લિક અટેક લેવલનું હેકિંગ કરે અથવા તો એપલના પ્રાઈવેટ ક્લાઉડને હેક કરી શકે તો તેમને એક મિલિયન અમેરિકન ડોલર એટલે કે અંદાજે ૮.૭૫ કરોડ રૂપિયા ચૂકવવામાં આવી શકે છે.એપલ દ્વારા તેમની પ્રોડક્ટને લોકડાઉન મોડમાં હેક કરી આપવામાં આવે તો તેમને ૨ મિલિયન અમેરિકન ડોલર એટલે કે અંદાજે ૧૭.૪૯ કરોડ રૂપિયા ચૂકવવામાં આવી શકે છે.


તંત્રી લેખ......

# ટેરિફની અપ્રત્યક્ષ અસર : એફોર્ડેબલ હાઉસિંગના વેચાણમાં ઘટાડો થવાની વકી

નવી દિલ્હી : અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર લાગુ કરાયેલી જંગી ટેરિફની અનેક અપ્રત્યક્ષ અસરો જોવા મળવાની ચિંતા રહેલી છે જેમાંની એક અસર પરવડી શકે તેવા રહેઠાણો (એફોર્ડેબલ હાઉસિંગ)ના વેચાણને લગતી છે.

એક કન્સલટન્ટ પેઢીના રિપોર્ટ પ્રમાણે ટેરિફને કારણે દેશના ખાસ કરીને નિકાસ બજારમાં મોટી હાજરી ધરાવતા માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ)ના વેપાર પર પ્રતિકૂળ અસર પડશે અને આને પરિણામે આ ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીબળોની આવક પર પડશે જેની સીધી અસર વિવિધ ચીજવસ્તુઓ ઉપરાંત એફોર્ડેબલ હાઉસિંગની માગ પર પડશે. દેશમાં રૂપિયા ૪૫ લાખની કિંમત સુધીના પરવડી શકે તેવા રહેઠાણોના મુખ્ય ખરીદદારો નાના ઉદ્યોગમાં કામ કરનારા કર્મચારીઓ છે.

દેશમાંથી થતી નિકાસમાં એમએસએમઈનો નોંધપાત્ર હિસ્સો રહેલો છે ત્યારે ઊંચા ટેરિફથી તેમની નિકાસમાં ઘટાડો જોવા મળી શકે છે. ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં દેશના સાત મહાનગરોમાં વેચાયેલા કુલ ૧.૯૦ લાખ રહેઠાણોમાંથી ૩૪૫૬૫ જેટલા રહેઠાણો પરવડી શકે તેવા રહેઠાણ શ્રેણીના હતા. દેશના જીડીપીમાં એમએસએમઈ ક્ષેત્રનો હિસ્સો ૩૦ ટકા જેટલો છે અને નિકાસમાં ૪૫ ટકા હિસ્સો ધરાવે છે.અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ૫૦ ટકા ટેરિફથી એમએસએમઈ તથા તેના કર્મચારીબળ પર પ્રતિકૂળ અસરનું જોખમ રહેલું છે.




S V English Primary school સેક્ટર-૨૩ ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ત્યાંના પ્રિન્સીપાલ જીગનાબેન બુચ તથા સ્ટાફના સભ્યો દ્વારા ખુબ જ સુંદર આયોજન કરેલ હતું અને ત્યાંના વિધાર્થીઓને પ્રોત્સાહન મલી રહે તે હેતુથી સુંદર રીતે આયોજન કરવા બદલ આભાર

# શ્રી દીઘલિયા પ્રાથમિક શાળામાં હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ અને તિરંગા રેલી યોજાઈ

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાની શ્રી દીઘલિયા પ્રાથમિક શાળામાં હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત તા. ૦૬/૦૮/૨૦૨૫ થી તા. ૦૮/૦૮/૨૦૨૫ દરમિયાન પત્રલેખન, રાખડી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, દેશભક્તિ ગીતોની સ્પર્ધા અને તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલવાટિકા તથા ધોરાણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં અને તિરંગા રેલીમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પત્રલેખન, રંગોળી સ્પર્ધા અને રાખડી સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ અવનવી રાખડીઓ અને સુંદર રંગોળી બનાવી હતી. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતોની સ્પર્ધામાં ભાગ લઈને દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ તિરંગા રેલીનું પણ આયોજન કર્યું હતું. શ્રી દીઘલિયા પ્રાથમિક શાળાના આચાર્ય નરેન્દ્રભાઈ કાલરિયાના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો સતીશકુમાર સરડવા, નરેશકુમાર સોલંકી, તૌસિફભાઈ બાવરા અને આરઝૂબેન મન્સૂરીએ હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ અને તિરંગા રેલીનું આયોજન કર્યું હતું.

# સુરત પાલિકામાં નિવૃત્તિ બાદ પેન્શન સહિતની ફાઈલો તૈયાર કરવામાં ગરબડની ફરિયાદ

સુરત પાલિકામાં વર્ષો સુધી કામગીરી કર્યા બાદ નિવૃત્ત થયેલા કર્મચારીઓએ પોતે જે વિભાગ-ઝોનમાં લાંબો સમય કામગીરી કરી હોય તેમાં નિવૃતિ બાદના લાભ અને પેન્શનની ફાઈલ માટે ધક્કા ખાવા પડતા હોવા ઉપરાંત આવી ફાઈલ તૈયાર કરવામાં ગરબડ થતી હોવાની ફરિયાદ થઈ હતી. આ ગંભીર ફરિયાદ બાદ વિભાગીય વડાએ એક બેઠક બોલાવીને કર્મચારીઓને પેન્શન અને નિવૃત્તિ લાભોની ફાઈલ તૈયાર કરવામાં વ્હાલા દવલા નીતિ બંધ કરવા માટે તાકીદ કરી દીધી હતી. જેના કારણે કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતો. સુરત પાલિકામાં મહેકમ વિભાગના વડા તરીકે રાજ્ય સરકારમાંથી આવેલા ડેપ્યુટી કમિશનર નિધિ સિવાય કામગીરી કરી રહ્યાં છે. છેલ્લા કેટલાક વખતથી તેઓ કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે કામગીરી કરી રહ્યાં છે અને કેટલાક પ્રશ્નો હલ કરવામાં સફળતા પણ મળી છે. તેમની આ કામગીરી દરમિયાન નિવૃત્ત કર્મચારીઓને નિવૃતિ બાદના લાભ અને પેન્શન માટેની ફાઈલ માટે ધક્કા ખાવા પડતા હોવાની ફરિયાદ મળી હતી. આ ઉપરાંત આ કામગીરીમાં વ્હાલા દવલાની નીતિ અપનાવાતી હોવાથી નાના કર્મચારીઓને અન્યાય થઈ રહ્યો હોવાની પણ ફરિયાદ થઈ હતી. દરમિયાન મહેકમ વિભાગના વડાએ તમામ ઝોન, વિભાગોના પર્સોનલ અધિકારીઓની બેઠક યોજી હતી અને ચાલી રહેલી કામગીરી બાબતે સ્પષ્ટ નારાજગી દર્શાવી હતી. પાલિકાના કર્મચારી, અધિકારી નિવૃત્ત થવાના હોય તેના એક માસ પૂર્વેથી પેન્શન અંગેની ફાઈલો તૈયાર કરવાની કામગીરી વિધિવત સામાન્ય રીતે શરૂ થઈ જતી હોય છે.

# કફ સીરપમાં નશીલું પ્રવાહી મળતા મેડિકલ સ્ટોર સંચાલક સહિત પાંચ વિરુદ્ધ ગુનો નોંધાયો

કફ સીરપની બોટલમાં કોડેઈનની હાજરી જણાતા જંબુસર પોલીસે મેડિકલ સ્ટોર સંચાલક સહિત પાંચ શખ્સો વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.જુલાઈ મહિના દરમ્યાન જંબુસર પોલીસને બાતમી મળી હતી કે, જંબુસર એસટી ડેપો સર્કલથી સેન્ટર પ્લાઝા સર્કલ તરફના માર્ગ ઉપર આવેલ રેલ્વે ફાટક પાસે જંબુસર ભાગલી વાડ ચોરા પાસે રહેતો માહિર ઐયુબ ઉર્ફે દેડકી મલેક રીક્ષામાં નશાકારક કફ સીરપ વેચી રહ્યો છે. પોલીસે દરોડો પાડી રિક્ષામાંથી સોયેબ ઉર્ફે ધડકન ગુલામ રસુલ મલેક , આદિલ ઉર્ફે દલાલ સિકંદરભાઈ શેખ, સોકત ઉર્ફે સાહિલ સાજીદ ખલીફા અને માહિર અયુબ મલેક (તમામ રહે-જંબુસર ગામ) ને ઝડપી પાડ્યા હતા. આરોપીએ આ કફ સીરપની બોટલો આમોદના દલાલ મેડિકલ સ્ટોર ખાતેથી મેળવી હોવાની કબુલાત કરી હતી. આ અંગે જંબુસર પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ દાખલ કરી નમુના પૃથ્થકરણ અર્થે ગાંધીનગર મોકલી આપ્યા હતા. જેમાં કોડેઈન માત્રા સામે આવી હતી. જેથી પોલીસે મેડિકલ સ્ટોરના વેપારી સહિત પાંચેય શખ્સો વિરુદ્ધ એનડીપીએસ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# "૧૪ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ અખંડ ભારત દેશના ખંડિત થવાની કલંકિત ઘટના એ મૂળભૂત રીતે તે સમયના સત્તા લાલચુઓની ઉતાવળનું પરિણામ પણ હતી!!!!

(અંક નંબર ૪૨૬)

"મિત્રો અસ્તાચળ ના ઉજાસ સામે કાળમીંઢ અંધકારની ગર્તામાં ધકેલી દેનારો દિવસ એટલે અખંડ ભારતની આન બાન અને શાન માટે થપ્પડ એવો ૧૪ મી ઓગસ્ટનો ગોઝારો દિવસ.... કોણ જાણે કેમ ક્રાતિકારી માસ ઓગસ્ટમાં આઝાદી મળી એ શુકનવંતા સમયે કોની નજર લાગી અને આજના દિવસે ભારત માતાના કટકા થયા!!"

વર્ષો બાદ આનંદનો અભિષેક કરાવતી મહામુલી આઝાદી ના ઓવારણાં ને બદલે ગુલામીમાંથી મુકત થવાના અભરખા, આશાઓની વચ્ચે આ કલંકિત દિવસ એ પણ ૧૫ ઓગસ્ટ નો આગળનો દિવસ.... ખૂબ જ દુઃખ સાથે, રડતાં હદયે આઝાદીની ઉજવણી કરવામાં આવી.

"દરેક હિન્દુસ્તાની ના દિલમાં અઢળક ક્રોધ હતો અને છતાં આંગણે આવેલ અવસર ને બીજા દિવસે દિલ ઉપર પથ્થર રાખીને વધાવવાનો હતો....સત્તા લાલચુઓને ઉતાવળ હતી...મા ભારતી નું ચિરહરણ કરનારા લોકોની વચ્ચે એક મહામાનવ ખાન અબ્દુલ ગફારખાન બોલતા હતા અમને શીદ છૂટા પાડો છો...નહેરુ જી!!! . તેમણે વર્ષ ૧૯૪૭માં ભાગલા પડ્યા ત્યારે પખ્તુનિસ્તાને "પાકિસ્તાન સાથે જોડવાને બદલે ભારત સાથે જોડવાની ઈચ્છા વ્યક્ત કરતો પત્ર નહેરુજીને લખેલો,તેમણે લખ્યું હતું કે, "નહેરુજી, આપ હમેં પાકિસ્તાની ભેડિયોં કો ક્યોં સોંપ રહે હો?"

ગફારખાને ભાગલા વખતે જ આત્મનિર્ણયની માંગ કરી હતી, પણ નહેરુજી માન્યા નહીં."

સન ૧૯૭૧માં પૂર્વી બંગાળ (હાલના બાંગ્લાદેશ) પર પાકિસ્તાને સૈનિક કાર્યવાહી કરી હજારો બંગાળી મુસ્લિમ પુરુષો અને મહિલાઓને મોતને ઘાટ ઉતારી દીધાં ત્યારે હચમચી ઊઠેલા પૂર્વી બંગાળના નેતા મુજીબુર્રહેમાન બોલી ઉઠેલા કે લુચ્ચા પાકિસ્તાન સાથે રહેવાને બદલે હું ફરીથી ભારત સાથે ભળી જવાનું પસંદ કરીશ.

બલુચિસ્તાન ની રિપબ્લિકન પાર્ટીના વડા બ્રહ્મદાગ બુગતી એ ઓગસ્ટ ૨૦૧૬માં અપેક્ષા વ્યક્ત કરી હતી કે ભારતે જે રીતે બાંગ્લાદેશને આઝાદ કર્યો તે રીતે બલુચિસ્તાનને આઝાદ કરવા મદદ કરે.

સિંધ ના મોહાઝીર નેતા અલ્તાફે કહ્યું હતું કે અમે મોહાઝીરો પાકિસ્તાન લઈને આવ્યા છીએ. જો અમારે પાકિસ્તાનમાંથી જવું પડશે તો અમે પાકિસ્તાન પાછું લઈને જઈશું.

(અર્થાત્ ભારતમાં ભળી જઈશું.)

ડૉ.બાબાસાહેબ આંબેડકર કહે છે,

મને એ બાબતમાં પણ લગીરે શંકા નથી કે ભારતના વિભાજન માટેના લીગના આંદોલન પછી પણ એક દિવસ એવો આવશે કે જ્યારે મુસલમાનોને ચોક્કસ લાગશે કે અવિભક્ત હિન્દુસ્થાન બધાને માટે જરૂરી છે.

જો કે આજની પરિસ્થિતિ જોઈને ઘણાને અખંડ ભારતની વાત અશક્ય કે નિરર્થક લાગશે પરંતુ આજે પણ અનેક સ્થાનો પર ભારત તરફી થઈ રહેલ આંદોલન અખંડ ભારતના મહત્વને ઉજાગર કરે છે.આજે ભારતની આજુબાજુના દેશો પર આધિપત્ય જમાવી ભારતને ઘેરવાનો તેમજ ભારતની અંદર અરાજકતા ફેલાવવાનો પ્રયાસ ઘણી વિદેશી તાકાતો કરી રહી છે ત્યારે ભારતનો જનજન સ્વાભિમાન અને આત્મગૌરવ સાથે સંગઠિત થઈ સબળ-સુદ્રઢ-સશક્ત બને તો એક વખતના ભારતના ભૂભાગ કે જે ભારતથી અલગ થયા છે તે સૌના શુભ સંકલ્પે અને સામૂહિક પુરુષાર્થથી ફરી ભારતમાં પરત લાવી, ભારતને વિશ્વમાં શિરમોર ન બનાવી શકે??.




વિભાજનની ચર્ચા સમયે...

તત્કાલીન અંગ્રેજ વાઈસરોય લોર્ડ વેવેલ પણ કહયુ હતું કે

GOD HAS CREATED THIS COUNTRY AS ONE YOU CAN NOT DIVIDE IT INTO TWO.

અર્થાત્...ભગવાને આ દેશને એક બનાવ્યો છે તેને તમે વિભાજિત ન કરી શકો. ..એક સંત સમાન સાધુ પુરુષ સમાન લોર્ડ વેવેલ એક અંગ્રેજ પણ અનુભવે છે....ભારતની દિવ્યતાને.

હિમાલયથી પ્રારંભ કરી હિંદ મહાસાગર સુધીનો આ દેશ કે જે દેવનિર્મિત દેશ છે, તેને હિન્દુસ્થાન કહેવાય છે. હિન્દુકુશની પર્વતમાળાઓ....,

હિંદ મહાસાગર....,જય હિન્દ.... આ બધું આજે ૧૪ ઓગસ્ટે કરેલા પાપના પશ્વાત્તાપ માટે યાદ કરાવે છે..કહે છે..કરો..અખંડ ભારત.... એક ભારત..શ્રેષ્ઠ ભારત.

મિત્રો, કેવી હશે એ વિભાજનની વિભિષિકા... ગયેલું પાછું મેળવવા માટેનો આજે સંકલ્પ દિવસ હોવો જોઈએ !!! .

"આજના દિવસે વારંવાર યાદ કરવી પડતી દેશ વિભાજનની પીડા ક્યારેય ભૂલી નહીં શકાય, વિભાજન પછી નફરત અને હિંસાના કારણે લાખો લોકોએ વિસ્થાપિત થવું પડયું અને જીવ પણ ગુમાવવા પડયા, યાદ કરો એ કરુણાથી ભરપૂર સમય ભારત ૧૫મી ઓગસ્ટે આઝાદ થયો તે પહેલાં તેનું બે રાષ્ટ્રોમાં વિભાજન થયું હતું. વિભાજનના આ સમય દરમિયાન ભયાનક રમખાણો ફાટી નીકળ્યા હતા. લાખો લોકોએ તેમના ઘરબાર છોડવા પડયા, જમીન, માલ, મિલકત બધું જ જેમનું તેમ મુકીને ભાગવું પડયું. લાખો લોકોએ તેમના જીવ ગુમાવ્યા."

વિભાજનની આ ત્રાસદી ક્યારેય ભૂલી શકાય તેમ નથી. આથી ૧૪મી ઑગસ્ટે હવેથી પ્રત્યેક વર્ષે 'વિભાજન ત્રાસદી સ્મૃતિ દિવસ' તરીકે મનાવવાની ચાલુ સરકાર ના આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૧ મા સરકારી નોટીફીકેશન સાથે જાહેરાત પણ કરી હતી.

૨૦૨૧ થી લોકોના સંઘર્ષ અને બિલદાનની યાદમાં ૧૪મી ઑગસ્ટને 'વિભાજન ત્રાસદી સ્મૃતિ દિન' તરીકે મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.'

"મિત્રો, ખંડિત ભારત માટે જવાબદાર વ્યક્તિએ પસ્તાવો એટલે કે છેલ્લે મૃત્યુ પથારીએ પડેલા મહંમદ અલી ઝીણા પોતાના અંગત વકીલ મિત્ર તથા ભારતના હાઈ કમિશનર શ્રી પ્રકાશજી આગળ નિરાશ વદને બોલ્યા હતા કે *PAKISTAN IS GREATEST BLUNDER IN MY LIFE.

"આપણી સંસ્કૃતિ મુજબ વિભાજન ત્રાસદી સ્મૃતિ દિનનો આ દિવસ આપણને ભેદભાવ, વૈમન્સય અને દુર્ભાવનાના ઝેરને ખતમ કરવા માટે પ્રેરણા આપવાની સાથે એકતા, સામાજિક સદ્ભાવ અને માનવીય સંવેદનાઓ પણ મજબૂત કરશે. ૧૯૪૭માં બ્રિટિશરો દ્વારા ભારતનું વિભાજન કર્યા પછી પાકિસ્તાન એક મુસ્લિમ દેશ તરીકે અલગ પડયો. આ બંને દેશની સ્વતંત્રતાના સમયમાં લાખો લોકોએ કોમી રમખાણોમાં તેમના જીવ ગુમાવ્યા. વિભાજનના કારણે આપણા લોકો જ તેમના વતનથી વિખુટા પડીને વિસ્થાપિત થઈ ગયેલા લાખો લોકોની યાદમાં શ્રદ્ધાંજલી સ્વરૂપે મનાવાશે. આ સ્મૃતિ દિન વર્તમાન અને ભાવિ પેઢીના દેશવાસીઓને પણ વિભાજન દરમિયાન લોકોએ વેઠેલી પીડા અને યાતનાઓ યાદ કરાવશે."

'ભારત પ્રત્યેક વર્ષે ૧૫મી ઑગસ્ટે સ્વતંત્રતા દિન ઊજવે છે, જે કોઈપણ રાષ્ટ્ર માટે આનંદ, ઉલ્લાસ અને ગર્વનો પ્રસંગ છે. જોકે, આઝાદીની મીઠાશ સાથે વિભાજનનો આઘાત પણ આપણે સહન કરવો પડયો છે. નવા સ્વતંત્ર ભારત દેશનો જન્મ વિભાજનની હિંસક યાતનાઓ અને પીડા સાથે થયો હતો, જેણે લાખો ભારતીયોના મન પર કાયમ ન ભૂંસાય તેવી છાપ છોડી છે. ભારત આ યાતનાઓ અને પીડાને પાછળ છોડીને વિશ્વના સૌથી મોટા લોકતંત્ર અને વિશ્વના ત્રીજા ક્રમના સૌથી મોટા અર્થતંત્ર તરીકે ઊભરી આવ્યો છે એનું આપણને ગૌરવ છે અરે આજે તો ભારત મહાસત્તાઓને પણ પડકારો કરી શકે છે!!!, પરંતુ વિભાજનની પીડા ક્યારેય ભૂલી નહીં શકાય.' સંપૂર્ણ ભારત, અસલ ભારત અને અખંડ ભારત....એ સતત સ્વપ્ર સાથે..રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# રાજ્ય ની ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ઓ પણ રક્ષણ જાહેર કરવા ખાસ રજૂઆત



ડૉ. ચંદુભાઈ પટેલ - સાબરકાંઠા થી વધુ માહિતી આપતાં વિજય પટેલે જણાવ્યું હતું કે દેશ ની આઝાદી પહેલા એટલે કે ૧૯૨૨ થી સમાજ ના દરેક વર્ગ ના ગરીબ થી અતી ગરીબ પરિવાર ના બાળકો નિવાસ કરી શિક્ષણ મેળવી શકે તે હેતુ થી દાયકા ઓ થી રાજ્ય ના દરેક પહાડી અને અંતરીયાળ વિસ્તારો માં આવી ૧૦૦૦ કરતાં પણ વધુ શાળા ઓ ધમધમી રહી છે. સમય ની માંગ સાથે ધીરે ધીરે અમૂલ્ય પરિવર્તન જોવા મળી રહ્યું છે. કેટલાક આશ્રમશાળા ઓ નું સંચાલન કરતા ખાનગી ટ્રસ્ટ પોતાની મન માનીતી કરતાં સરકાર ના ધ્યાન માં આવ્યું હતું જેથી કર્મચારી ઓ ના વિવિધ નાના મોટા મંડળો બનાવી છેલ્લા એકાદ દાયકાથી ફાજલ નું રક્ષણ જાહેર કરવા માટે વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી સમય સાથે આર.ટી.ઈ ૨૦૦૯ નો અમલ થતાં ની સાથે જ રાજ્ય ની ત્રણેય વિભાગ ની ધોરણ ૧ થી ૮ સુધી ની ગ્રાન્ટેડ આશ્રમશાળા માં કર્મચારી માટે ફાજલ નું રક્ષણ જાહેર કરવાથી કર્મચારી ના પરિવારો માં ખુશી નું મોજું ફરી વળ્યું હતું. બીજી બાજુ આદિજાતિ વિભાગ હસ્તક ની આશ્રમશાળા ઓ માં એકજ સંકુલ માં ધોરણ ૧ થી ૧૨ ચાલે છે. ૧ થી ૮ ના કર્મચારી ઓ ને ફજલ નું રક્ષણ જાહેર કરવામાં આવ્યું છે ૯ થી ૧૨ રક્ષણ પાત્ર નહિ ગણવાથી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા માં સરકાર સામે રોસ ફાટી નીકળ્યો છે. જેથી રાજ્ય ની સંવેદનશીલ સરકાર નો સંવેદન શીલ નિર્ણય લેવા સાબરકાંઠા સહિત રાજ્ય ના અનેક જિલ્લા ના કર્મચારી ગાંધીનગર ખાતે દોડી આવ્યા હતા. આદિજાતી વિકાસ મંત્રી ડો.કુબેરભાઈ ડીડોર ,સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ ના મંત્રી ભાનુબેન બાબરીયા ની ખાસ મુલાકાત કરી ધોરણ ૦૯ થી ૧૨ ના કર્મચારી ને પણ ફાજલ્ નું રક્ષણ જાહેર કરવા ખાસ રજૂઆત કરવામાં આવી હતું આદિજાતિ વિકાસ મંત્રી એ પણ ૧૦૦% પરિપત્ર માં સુધારો કરવા ખાસ ખાત્રી આપી હતી જેથી અભિનંદન સહ આભાર માન્યો હતો.બીજી બાજુ સરકાર સામે રાજ્ય ના જુદા જુદા જિલ્લા ઓ માંથી કેટલાક કર્મચારી ઓ પોતનો હક લિયન મેળવવા માટે રાજ્ય મુખ્ય ન્યાલય કેસ ચાલુ છે. કર્મચારી ના હક માં જે પણ ન્યાય આવશે એ પણ અમે અમલ કરી છું તેવી માન.મંત્રી ઓ એ ખાત્રી આપી હતી.-અખંડ ભારત

# સાધલીમાં વેશભૂષા સાથે તિરંગા યાત્રા યોજાઈ



સબ્બીર રાઠોડ - ૧૫ મી ઓગસ્ટ ને લઈને , સરકાર દ્વારા હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતાકા ઉત્સવ ,સ્વચ્છતા કે સંગ, થીમ ઉપર ઠેર ઠેર તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે શિનોર તાલુકાના સાધલી મુકામે આજ રોજ તારીખ ૧૨ ઓગસ્ટ વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ રસિકભાઈ પ્રજાપતિ ની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તિરંગા યાત્રા પોલીસ ના બંદોબસ્ત સાથે પી.એમ.શ્રી સાધલી પ્રાથમિક શાળા થી સરદાર પટેલ ના સર્કલે પહોંચી હતી, અને છેલ્લા ૧૫ દિવસથી લારીઓના દબાણથી ઘેરવામાં આવેલ સરદાર પટેલની પ્રતિમાને આઝાદ કરાવી અને પુષ્પ માળા પહેરાવવામાં આવી હતી. જેમાં ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ,શિનોર તાલુકા ભાજપ પ્રમુખ સંકેત પટેલ, મહિલા સરપંચ મનિષા પટેલ , હિના મોઢ, ભાજપ ના હોદ્દેદારો સાથે ભારત વિદ્યાલયના આચાર્ય અશ્વિન ગોહિલ સહિત ૩ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતાં.-અખંડ ભારત

# કલ્યાણા ગ્રામ પંચાયતના તલાટીનો વિદાય સમારંભ યોજાયો



રમેશભાઈ ચૌહાણ - સિદ્ધપુર તાલુકાના કલ્યાણા ગામના નવયુવાન કાર્યરત પંચાયત તલાટી કમ મંત્રીશ્રી દિપકકુમાર પ્રહલાદભાઈ ચૌહાણ એ તાજેતરમાં જી.પી.એસ.સી દ્વારા અધિક મદદનીશ ઈજનેર ની યોજાયેલ પરીક્ષામાં જવલંત સફળતા પ્રાપ્ત કરી પાટણ ખાતે વોટર રિસોર્સ ડિપાર્ટમેન્ટ જળસંપતિ વિભાગ નિમણૂંક થતાં તલાટીશ્રી નો વિદાય સમારંભ કલ્યાણા પંચાયત ખાતે યોજવામાં આવ્યો છે.જેમાં ગામના નવનિયુક્ત સરપંચશ્રી છનાજી દલસંગજી ઠાકોર એ શ્રીફળ અને સાકર આપી શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગે સરપંચશ્રી છનાજી ઠાકોર,ઉપસરપંચશ્રી એવનકુમાર બબલદાસ પટેલ,સિદ્ધપુર તાલુકા પંચાયત કારોબારી સમિતિ, ચેરમેનશ્રી ભૂપેન્દ્રસિંહ વાઘેલા,વગેરે ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સમાજના ભણતા બાળકો માટે મદદરૂપ થયું



રાજન ભાઈ ગાંવિત - સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સમાજના ભણતા બાળકો માટે અભ્યાસમાં મદદરૂપ થવા માટે મદદ કરતું સેવાભાવી ટ્રસ્ટ છે જે ઉચ્ચ અભ્યાસ માટે સમાજના ગરીબ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ જેવો નાણા ના અભાવે અભ્યાસના છોડે એ માટે ફી ભરવા કે અન્ય અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય કરે છે. જેમ કે ડિપ્લોમા, એન્જિનિયરિંગ, બી.એડ. એ.એન.એમ. જી.એન.એમ, એમ.બી.બી.એસ. બી.એસ.સી. નર્સિંગ, મેડિકલ પેરામેડિકલ અભ્યાસ વગેરેમાં અભ્યાસ કરતા બાળકોને મદદરૂપ બને છે. આ ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે વર્ષમાં ૨૦૦ જેટલા બાળકોને ૩૦ લાખ જેટલી નાણાકીય સહાય દ્વારા મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો છે.

આજ ભાવના સાથે આજરોજ નેત્રંગ ખાતે બી.એડ. ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી દીકરી સરસ્વતીબેન વસાવાને ફી ભરવા માટે ૧૦,૦૦૦ ની નાણાકીય સહાય આપવામાં આવી હતી.-અખંડ ભારત

# સાધલી ખાતે એન્ટી રેગીંગ ડે વિષય પર વ્યાખ્યાન યોજાયું




સબ્બીર રાઠોડ - શ્રી કેળવણી મંડળ, સાધલી સંચાલિત એસ.સી એ. પટેલ આર્ટસ કોલેજ, સાધલી ખાતે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે એન્ટી રેગીંગ ડે વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું.કોલેજના આચાર્ય ડૉ. એ.વી. દવે એ ઉપસ્થિત મહેમાનશ્રીનું શબ્દોથી અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું અને રેગીંગ એટલે શું તેની સમજૂતી આપી હતી.આજના વક્તા તરીકે શિનોર તાલુકાના સિનિયર વકીલ અને નોટરીશ્રી ભરતભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રેગીંગના પ્રકારો, ભારતીય દંડ સંહિતા મુજબ તેની કઈ કલમ હેઠળ સજા થઈ શકે વગેરે વિસ્તૃત સમજૂતી આપી હતી અને વિદ્યાર્થીઓને સાવચેતી રાખવા, તેનાથી બચવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના તમામ અધ્યાપકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપક ડૉ. કુંદન વી વસાવાએ કર્યું હતું. અભારવિધિ ડો.બે.કે.પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

# બોટાદ ખાતે તિરંગા યાત્રા યોજાઈ



જગદીશ પરમાર - શ્રી સરદારવલ્લભભાઈ પટેલ એજયુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ,બોટાદ.સંચાલતશ્રીમતી લીલાવતીબહેન જયંતીલાલ શાહ ગર્લ્સ હાઈસ્કૂલ,બોટાદ ખાતે 'તિરંગા યાત્રા - એકતા, શૌર્ય અને ગૌરવનું પ્રતિક નું આયોજન કરવામાં આવેલ સરકાર શ્રી દ્વારા આહ્વાનિત હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત બોટાદ શહેર ની શ્રીમતી એલ.જે.શાહ ગર્લ્સ હાઈસ્કૂલ દ્વારા આયોજિત ભવ્ય તિરંગા યાત્રા રેલીમાં રાષ્ટ્રપ્રેમના ભાવ સાથે ઉપસ્થિત રહી દેશના વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ યાત્રામાં આચાર્યાશ્રી સુકન્યાબેન રામાનુજ તેમજ શાળાના શૈક્ષણિક સ્ટાફ અને વિધાર્થીની બહેનોએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો-અખંડ ભારત

# ડીસા ડીસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોશિયેશનના અધ્યક્ષની નિમણૂંક કરાઈ



અશોક ભાટી - શાહ આશિષ કુમાર - બનાસકાંઠા ડિસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન ના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે ડીસાના પૂર્વ ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યા ની વરણી થઈ એ ઉપલક્ષ્યમાં ડીસા તાલુકા મિત્ર મંડળ દ્વારા આયોજિત તેમજ પરમ પૂજ્ય મહંત શ્રી ૧૦૦૮ રૂપપુરીજી મહારાજ, ૧૦૦૮ પીઠાધીશ્વર મહંત શ્રી કુરશીપુરીજી મહારાજ, શ્રી રામરતનદાસજી મહારાજ અને બ્રહ્માકુમારીજી એવા સંતો મહંતોની વિશેષ ઉપસ્થિતમાં વિસ્તારના રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, યુવાન મિત્રોએ અને વિવિધ સંસ્થાઓ દ્વારા ઉમળકાભેર સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# આણંદમાં તિરંગા યાત્રા યોજાઈ



મેહુલ પંચોલી - આણંદ માં તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યુ જે યાત્રા ટાઉનહોલ થી નિકળી શહિદભગતસિહ ચોક ખાતે પૂર્ણ કરવામાં આવી જેમાં એન સી સી ક્રેડિટ દ્વારા ૬૦૦ ફૂટ લાંબો તિરંગો લહેરાવવામાં આવ્યો જેમાં પોલીસ જવાનો વિધાર્થીઓ સહિત નગરજનો એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.-અખંડ ભારત

# રાણીગામ કર્ણુંશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્ધ યોજાયો



જાદવ વિજય ભાઈ- રાણીગામ મા આવેલ પ્લોટ વિસ્તાર મા કર્ણુશ્વર મહાદેવના સાનિધ્યમાં નુતન થાળું પધરાવેલ તે નિમિત્તે લઘુ રુદ્ર યજ્ઞનું આયોજન કરેલ તેમાં રાણીગામના બાળકોને બટુક ભોજન કરવામાં આવ્યું હતું આ કાર્યમાં તમામ બાળકોએ યજ્ઞનો લાભ લીધેલ અને બાળકોએ સ્વાહા ના નાદ થી વાતાવરણ ગુજી ઉઠ્યુ હતુ આ કાર્ય પ્લોટ વિસ્તાર ના યુવાનો દ્વારા કરવામા આવ્યું હતું.-અખંડ ભારત

# માવસરી પો.સ્ટે દ્વારા તિંરંગા યાત્રા યોજાઈ



ભાનુંભાઈ પરમાર - વાવ માવસરી પોલીસ સ્ટેશન દ્વારા દેશભક્તિના માહોલમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. અંતરિયાળ બોર્ડરને અડીને આવેલા માવસરી પોલીસ સ્ટેશન દ્વારા આ યાત્રા દરમિયાન વંદે માતરમના જયઘોષ સાથે દેશભક્તિનો માહોલ સર્જાયો હતો.યાત્રાને સફળ બનાવવા માટે માવસરી પોલીસ સ્ટેશનનો સમગ્ર સ્ટાફ સક્રિય રહ્યો હતો. આ પ્રસંગે વિસ્તારના સરપંચો શાળા ના બાળકો અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. તિરંગા યાત્રા દ્વારા વિસ્તારમાં રાષ્ટ્રીય એકતા અને દેશ ભક્તિની ભાવના મજબૂત બની હતી.-અખંડ ભારત

# આંબાબાર માં તિરંગા યાત્રા યોજાઈ

નગીન પંચાલ - હર ઘર તિરંગા યાત્રા મોટા આંબા બાર પ્રાથમિક શાળા તા.ભિલોડા જિલ્લો અરવલ્લી ખાતે તારીખ .૧૨-૦૮-૨૦૨૫ ના રોજ યોજાઈ જેમાં સ્કૂલના તમામ સ્ટાફ પરિવાર અને આચાર્ય અરુણ ભાઈ પટેલ તમામ બાળકોએ સાથે મળીને રાષ્ટ્રીય સ્વતંત્ર પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં તિરંગા યાત્રા યોજવામાં આવી. હતી.-અખંડ ભારત



# હિંમતનગરમાં તિરંગા યાત્રા યોજાઈ



કુંવરસિંહ ચૌહાણ - સંજીવકુમાર શર્મા - સાંબરકાઠા જિલ્લા વહીવટીતંત્ર અને હિંમતનગર નગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ બુધવારે સવારે ૯-૦૦ કલાકે ×કેશવ કોમ્પલેક્ષ કેનાલ રીવરફ્રન્ટથી મહાવીરનગર ચારરસ્તા થઈ છાપરીયા ચારરસ્તા ખેડ તસીયા રોડ, રામેશ્વર મંદિર થઈ, મોતીપુરા ગાંધી સર્કલ સુધી× ભારતના તિરંગા ના રંગો માં જિલ્લા કલેકટર શ્રી જિલ્લા પોલીસ વડા વિજયભાઈ પટેલ સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના સાંસદ સોભનાબેન બારૈયા હિંમતનગરના લોકલાડીલા ધારાસભ્ય વિરેન્દ્રસિંહ ઝાલા કૌશલ્યા કુંવરબા પરમાર જિલ્લા ભાજપના પ્રમુખ કનુભાઈ પટેલ હિંમતનગર નગરપાલિકાના પ્રમુખશ્રી વિમલભાઈ ઉપાધ્યાય પ્રમુખશ્રી સવજીભાઈ ભાટી હોમગાર્ડના જવાનો પોલીસ તો જવાનો તમામે રેલીમાં જોડાયા હતા તમામ કોર્પોરેટર શ્રીઓ ભાજપના તમામ આગેવાન શ્રીઓ હોદ્દેદારશ્રીઓ સહુ નાગરીકો તિરંગાયાત્રા માં જોડાયા હતા નું જિલ્લા વહીવટી તંત્ર તથા નગરપાલિકા આયોજન કરવામાં આવેલ હોઈ આ કાર્યક્રમમાં તમામ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# દેવગઢ નજીક ટેન્કરની ગુલાંટ – સ્પીડ બ્રેકર બનાવવા માંગ



ચૌધરી રાજેશ ભાઈ - મંડવી તાલુકા (જિલ્લો સુરત) ના દેવગઢ ગામ પાસે એન.એચ. ૧૫૬ પર આજે ટેન્કર પલટી માર્યું હોવાની ઘટના બની છે. ગામના આગેવાન ભાચુભાઈ ગુમાનભાઈ ચૌધરીએ જણાવ્યું કે આ સ્થળે અગાઉ પણ અનેક ગંભીર અકસ્માતો થઈ ચૂક્યા છે.સ્થાનિક રહેવાસીઓએ ઘણી વખત સંબંધિત સત્તાવાળાઓને લખિતમાં રજૂઆત કરી છે કે વળાંક પાસે માર્ગની બંને બાજુ સ્પીડ બ્રેકર બનાવવામાં આવે, પરંતુ આજદિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.ગામજનોનું કહેવું છે કે આ જગ્યાએ અકસ્માતોનો ઈતિહાસ ચિંતાજનક છે અને અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તાજેતરની ઘટના બાદ લોકોએ ફરી એકવાર તાત્કાલિક સ્પીડ બ્રેકર બાંધવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં જાનહાનિ અટકાવી શકાય.-અખંડ ભારત

# રાજપીપલા ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



મલેક વસીમભાઈ - નર્મદા જિલ્લાના રાજપીપલા માં ભવ્ય તિરંગા યાત્રા નીકળી હતી સમગ્ર જીલ્લા અને તાલુકા ઓ માં હર ઘર તિરંગા અભિયાન અર્તગત રાજપીપલા ખાતે ભવ્ય તિરંગા યાત્રાનુ આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે પણ તિરંગા યાત્રા નુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમા જિલ્લાના કલેક્ટર એસ,કે,મોદી, પંચાયત ના પ્રમુખ અને નાંદોદ તાલુકાના ધારા સભ્ય ડોક્ટર, દર્શના બેન દેશમુખ સાથે પોલીસ વડા સાથે આગેવાનો જોડાયા હતા સાથે સાથે અલગ અલગ સ્કૂલો ના વિધાર્થીઓ અને પોલીસ બંદોબશ સાથે ગામ ખાતે તિરંગા યાત્રા નીકળી હતી જે રેલી રાજપીપલા ડેપો પાસે થી શરૂ થઈ અને ત્યાથી મુખ્ય માર્ગ સ્ટેશન રોડ થઈને કાલઘોડા પાસે પૂર્ણ થઈ હતી સાથે સાથે કાલાઘોડા પાસે આવતા જતા લોકોને ફ્રી માં તિરંગા નુંવિતરણ પણ કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# ભાવનગર લાડી લોહાણા સિંધી પંચાયતની જનરલ બોર્ડની બેઠક યોજાઈ



વિકાસભાઈ ચોઈથાણી - ભાવનગર લાડી લોહાણા સિંધી પંચાયતની જનરલ બોર્ડની બેઠક યોજાઈ હતી. જેમાં સર્વસંમતિથી શ્રી દિલીપભાઈ નારાયણદાસ જોબનપુત્રા ને ભાવનગર લાડી લોહાણા સિંધી પંચાયતના પ્રમુખ તરીકે સતત નવમી વખત વરણી કરવામાં આવી છે.શ્રી દિલીપભાઈ નારાયણદાસ જોબનપુત્રા ભાવનગર વર્ષ ૨૦૦4 થી પ્રમુખ તરીકે સતત સેવા આપી રહ્યા છે અને તેમના નેતૃત્વમાં પંચાયતે અનેક સામાજિક, ધાર્મિક તથા સામૂહિક કામગીરીઓ સફળતાપૂર્વક આંજવી છે. તેમની સેવા અને સંકલ્પના કારણે સમાજમાં નોંધપાત્ર વિકાસ જોવા મળ્યો છે.સમગ્ર લાડી લોહાણા સિંધી સમાજ તરફથી તેમના પુનર્વરણી પર હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# છાછરમાં પીવાના શુદ્ધ પાણીનો બગાડ

રાજેશ વાળુ - કોડીનાર તાલુકાના છાછર ગામમાં પીવાના પાણીનો છેલ્લા કેટલાક સમયથી બગાડ થઈ રહ્યો હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા પાઈપ લાઈને વાલ્વનું મરામત કરવામાં ન આવતા જાહેર માર્ગ ઉપર પાણીનો ખુલ્લેઆમ વેડફાટ થઈ રહ્યો હોઈ આ થતા પાણીનો બગાડ અટકાવવા તંત્ર દ્વારા લાઈનનું મરામત કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠી છે.-અખંડ ભારત



# નેલસૂર પ્રા.શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી



પરેશ અમલીયાર - ગરબાડાના નેલસૂર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી જેમાં બાળકોને ભગવાન કૃષ્ણના જીવનના પ્રસંગો વર્ણવી જીવનમાં કર્મ નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# સરોરી પ્રાથમિક શાળામાં તિરંગા યાત્રા યોજાઈ



સંજય રાઠોડ - સરોરી પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતાં ધોરણ ૧ થી ૮ વિદ્યાર્થીઓમાં દેશભક્તિ અને દેશ પ્રત્યે ગર્વની ભાવના જાગે તે હેતુસર સરોરી પ્રાથમિક શાળા દ્વારા તા- ૧૨/૦૮/૨૦૨૫ ના રોજ એક તિરંગા યાત્રાનું આયોજન શાળા ના આચાર્ય શ્રી રાઠોડ સુમિત્રાબેન કલ્પેશભાઈ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહભેર ભાગ લીધો હતો.આચાર્યશ્રી રાઠોડ સુમિત્રાબેન કલ્પેશભાઈ સહિત તમામ સ્ટાફ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપેલ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કરી રેલી નીકળી હતી.-અખંડ ભારત

# જૈનાચાર્ય આનંદઘનસુરીવિદ્યાલય તિરંગા યાત્રા યોજાઈ



સંજીવકુમાર શર્મા - હિંમતનગરની જૈનાચાર્ય આનંદઘનસુરી વિદ્યાલયમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા રેલી નું આયોજન કરવામાં આવેલ .જેમાં અંદાજિત ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.-અખંડ ભારત

# કિયાલ પ્રા.શાળામાં તિથી ભોજન અપાયું

રાહુલ ડાભી - થરાદ તાલુકાની કિયાલ ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં કુલદીપપુરી અશોકપૂરી દ્વારા બાળકો માટે તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામી કુલદીપપુરી અશોકપૂરીએ જણાવ્યું કે બાળકોને આનંદ અને પોષણભર્યું ભોજન આપવું એ તેમની ધાર્મિક ભાવનાનો ભાગ છે. શાળાના સ્ટાફે તેમનું સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત



# વિરમગામમાં તિરંગા યાત્રા યોજાઈ



હાર્દિક શ્રીમાળી - વિરમગામ નગરપાલિકા દ્વારા સરકારશ્રીના "હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા" હેઠળ વિરમગામ શહેરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિરમગામ શહેરનાં તમામ શહેરી જનોએ રેલીમાં ઉત્સાહ અને દેશ પ્રેમ સાથે જોડાયા હતા.-અખંડ ભારત

# આમોદ ના ઢાઢર બ્રિજ ની ગુણવત્તા ની તપાસ હાથ ધરાઈ

ગંભીરસિંહ મકવાણા- ભરૂચ જિલ્લાના આમોદ થી પસાર થતાં નેશનલ હાઈવે ૬૪ પર ના ઢાઢર બ્રિજ જે જંબુસર સહિત વડોદરા અને સૌરાષ્ટ્રને જોડતો . ૨૪ કલાક ઈન્ડસ્ટ્રીયલ મટીરીયલ ભરેલા કોમર્શિયલ ભાળદારી વાહનો તેમજ પ્રાઈવેટ વાહનોની ધમધમી રહ્યો હતો અને ભયજનક સ્થિતિ માં હોય અને તેના પરથી પસાર થતા લોકો માં ભય નો માહોલ હોય એવી સ્થિતિ નું નિર્માણ થયું હતુ. ત્યારે કોંગ્રેસ ના હોદ્દેદારો અને આગેવાનો એ વહીવટી તંત્ર પાસે મુખ્યત્વે માંગ કરી હતી કે ભારદારી વાહનોને બ્રિજ પરથી બંધ કરવા બ્રીઝ ના



પાયા સહિત સ્ટ્રક્ચરની ચકાસણી કરવી વગેરે લોકહિત સદર્ભે માંગણી સહિત ચક્કાજામ કરવાની કોશિશ કરી હતી અને પોલીસે તેમની અટકાયત કરી હતી.ત્યાર બાદ ભરૂચ જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણા સહિત અધિકારીઓ નિરીક્ષણ માટે ઢાઢર બ્રિજ ની મુલાકાતે આવ્યા હતા. અને ભારદારી વાહનો માટે પસાર થવા પર પ્રતિબંધ નો નિર્ણય લેવા માં આવ્યો હતો. ત્યાર બાદ ઘણા દિવસો વીત્યા બાદ પણ કોઈ ભયજનક બ્રિજ ની તંત્ર તરફથી કોઈ અપડેટ ન જણાતા જંબુસર સ્થિત મકાન ના મટીરીયલ માં વપરાતી લાલ ઈટ ના ભઠ્ઠા માલીકો તેમજ ટ્રાંસપોર્ટ ના માલીકોએ ભરૂચ કલેક્ટર ને ૪૦થી ૫૦કિલોમીટર નો ફેરાવો સહિત વિવિધ મુદ્દે વહેલી તકે બ્રિજ બાબતે યોગ્ય અપડેટ ની માંગણી કરી હતી.આમોદ -જંબુસર ના ધારાસભ્ય દેવ કિશોર સ્વામી તો લોકહીતના કાર્ય છેક દિલ્લી સુધી રાષ્ટ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી ની મુલાકાત કરી હતી અને લેખિત અને મૌખિક રજુવાત કરી હતી.ત્યારે બ્રિજ અંદાજિત એક મહિના ઉપરાંત થી ભારદારી વાહનો માટે બંધ બ્રિજ પર આજરોજ માર્ગ મકાન વિભાગ તેમજ ક્લસ્ટિંગ ટીમ દ્વારા બ્રીઝ ની ગુણવત્તા ની તપાસ હાથ ધરાઈ છે. એન, ડી, ટી ટેસ્ટ, બ્રિજ ના સ્લેબ માંથી કોર લેડેલ ટેસ્ટ માટે કાઢવા માં આવ્યા. અને બ્રીઝ ના પિલ્લર માં તેમજ કેપ માંથી કોર લેડેલ ક્રેન ના મદદ થી કાઢવા માં આવ્યા છે. હવે બ્રીઝ ની ક્ષમતા કેવી છે અને સ્ટ્રક્ચર સહિત બ્રિજ ના સ્લેબ ની સ્તિથી કેવી છે એતો એના રિપોર્ટ ની રાહ જોવી પડશે. -અખંડ ભારત

# સૌરભ સંસ્કાર વિદ્યાલય પ્રથમ નંબરે ઝળકી

દિલીપ કુમાર પ્રજાપતિ - ગાંધીનગર રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓનો વિભાગ દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, સાબરકાંઠા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા સંચાલિત કલામહાકુંભ શ્રી સ્વસ્તિક હાઈસ્કુલ હિંમતનગર ખાતે યોજાયેલ તેમાં હિંમતનગર તાલુકા કક્ષાએ દરેક સ્કૂલના વિદ્યાર્થીઓએ ગ્રુપ ૬ થી ૧૪ વર્ષ વયના અલગ અલગ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો તેમાં સૌરભ સંસ્કાર વિદ્યાલય હિંમતનગરમાં ધોરણ ૩ માં અભ્યાસ કરતો પટેલ મંત્ર રોહિતભાઈએ આ કલા મહાકુંભમાં ૨૦૨૫ વકૃત્વ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી સૌરભ સંસ્કાર વિદ્યાલય સ્કૂલનું ગૌરવ વધારવા બદલ સૌરભ સંસ્કારના ટ્રસ્ટી શ્રી મોહનભાઈ પટેલ સર, શ્રી નિલેશભાઈ પટેલ સર, સ્કૂલના આચાર્ય શ્રી સી વી પટેલ સર, દિલીપ એસ પ્રજાપતિ સર,તેમજ તમામ શિક્ષકમિત્રોએ આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ વિદ્યાર્થીને શુભેચ્છા તેમજ અભિનંદન આપવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# રીદ્રોલમાં તિરંગા યાત્રા યોજાઈ

**સુનિલભાઈ - "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત જ્યોતિ વિદ્યાલય રીદ્રોલ હાઈસ્કુલ માં તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ ૬ થી ૧૨ ના તમામ બાળકોએ ભાગ લીધો હતો અને સમગ્ર ગામમાં દેશભક્તિનું વાતાવરણ ઊભું થાય તે માટે ડીજે સાથે સમગ્ર ગામમાં તિરંગા યાત્રા કરવામાં આવી હતી.- અખંડ ભારત**



# સાધલી ખાતે સાયબર સેલ દ્વારા સાયબર સુરક્ષા અને ડિજિટલ સલામતી વિષય પર વ્યાખ્યાન યોજાયું



સબ્બીર રાઠોડ - શ્રી. કેળવણી મંડળ, સાધલી સંચાલિત એસ.સી એ.પટેલ આર્ટસ કોલેજ, સાધલી ખાતે સાયબર સેલ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે 'સાયબર સુરક્ષા અને ડિજિટલ સલામતી' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું.આ કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.કોલેજના આચાર્ય ડૉ. એ.વી. દવે એ આજના વક્તા તરીકે આજના આધુનિક અને ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓને મોબાઈલ ફોનનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની અને કોઈ ઓનલાઇન છેતરપિંડીનો ભોગ ન બને તેની સાવચેતી રાખવા સૂચન કર્યું હતું. સાયબર સેલના કોઓર્ડીનેટર ડો. જી.કે. લક્કડ દ્વારા આજના સમયમાં બનતી સાયબર ક્રાઈમની જુદી જુદી મોડસ ઓપરેન્ડિસથી વાકેફ કર્યા હતા. આજે યુવા પેઢી અને લોકોમાં મોબાઈલ અને ઈન્ટરનેટનો વપરાશ વધતો જાય છે તેમ તેમ ઓનલાઇન ગુનાખોરીઓ પણ વધતી જાય છે. તેનાથી બચવા પોતાના મોબાઈલ અને લેપટોપમાં જરૂરી સુરક્ષાના સેટિંગ કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના તમામ અધ્યાપકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપક ડૉ. કુંદન વી વસાવાએ કર્યું હતું.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

-અખંડ ભારત

# પાટી ગામે વિદાય સમારંભ યોજાયો



વસાવા અશ્વિન કુમાર

સાગબારા તાલુકાનાં પાટી ગામે પ્રા.શા.નાં આચાર્ય શ્રી સુરેશભાઈ લાલસિંગ ભાઈ વસાવાનો વિદાય સમારંભ યોજાતા વિદાય લઈ રહેલ સુરેશભાઈનું નિવૃતિમય જીવન સુખરૂપ પસાર થાય તેવી ઉપસ્થિત સૌ શુભેચ્છા સહ વિદાય આપી હતી.-અખંડ ભારત

# કનીજમાં નાગપંચમની ઉજવણી કરાઈ



દીલીપ તડવી - ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના કનીજ મોટી ભાગોળ ભાથીજી મહારાજના મંદિરે નાગપાંચમ નીમીત્તે સવારે ભાથીજી મહારાજ ના ભુવાજી તથા પુજારી શ્રી બીપીનભાઈ તથા ભાવિક ભક્તો દ્વારા મહારાજનુ સ્થાપન કરવામાં આવ્યું હતું તથા ભુવાજી તથા પુજારી દ્વારા ગામ લોકોનુ જીવન તંદુરસ્ત રહે અને હંમેશા ભાથીજી મહારાજ ની કૃપા બની રહે તેવી મંગળ કામના કરવામાં આવી હતી દીવસ દરમીયાન ભાવિક ભક્તો એ મહારાજ ના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી રાત્રે ભવ્ય ભજન નો કાર્યક્રમ યોજાયો હતો.-અખંડ ભારત

# વજેગઢ પ્રાથમિક શાળામાં તિથિ ભોજન અપાયું



અશોક ભાટી - લાખણી તાલુકાના નાંનજીપૂરા (વજેગઢ) ખાતે જોગમાયા યુવા ગ્રુપના દાતા દ્વારા નાંનજીપૂરા પ્રાથમિક શાળામાં પવિત્ર શ્રાવણ માસમાં બાળકોને મોહનથાળની સાથે બટકું ભોજન આપવામાં આવ્યું હતું.નાંનજીપૂરા (વજેગઢ) શાળાના આચાર્ય રાણાભાઈ પટેલ, જીતુભાઈ પટેલ અને ભાવનાબેન દેસાઈએ શાળા વતી આભાર માન્યો હતો.-અખંડ ભારત

# શામળાજી બી એડ કોલેજમાં આવકાર સમારંભ યોજાયો



સંજય બુવલ - શામળાજી પ્રદેશ કેળવણી મંડળ સંચાલિત બી એડ કોલેજ શામળાજીમાં બી એડ સેમ ૧ ના તાલીમઆર્થીઓનો શુભેરછા સમારંભ યોજવામાં આવ્યો, મંડળના મંત્રી શ્રી દિલિપભાઈ કે કટારા તેમજ, કે આર કટારા આટ્ર્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી ડૉ. અજયભાઈ કે પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ હતો. જેમાં નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ .વિનોદભાઈ મહિડા તેમજ કે આર કટારા આર્ટસ કોલેજના અધ્યાપક શ્રી ડૉ . વસંતભાઈ ગામિતએ નવા તાલીમાંર્થીઓને આવકાર શુભેચ્છા પાઠવી હતી, આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપક સહાયકશ્રીઓ તેમજ, બી એડ સેમ -૩ ના તાલીમાંર્થીઓએ કર્યું, તેમજ બી એડ કોલેજ શામાળજીના પ્રિન્સીપાલ શ્રી ડૉ.કાર્મલીબિન જે અહારીની દેખરેખ હેઠળ સપૂર્ણ આયોજન કરવામાંઆવ્યું, તેમજબી એડ કોલેજના પ્રેસીડન્ટ ડામોર ભાવિનકુમાર તથા લુહાર વિષ્ણુ અને ગામેતી ચૈતન્યના ગ્રૂપ ધ્વારા સમગ્ર કાર્યક્રમ સંચાલન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# ખોખરીયામાં તિરંગા યાત્રા યોજાઈ



રાજુ,ડામોર - અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ખોખરીયા ગામના ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી અર્જન ભાઈ,જેમાભાઈ,તથા ગામના આગેવાનો ખોખરીયા ખાતે,હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ હતી.-અખંડ ભારત

# લીમખેડા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સંદર્ભે રિહર્સલ યોજાયું



હસમુખ પ્રજાપતી - દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાના ક્રિકેટ ગ્રાઉન્ડ મોટા હાથીધરા, ગ્રામ પંચાયતની બાજુમાં, મોટા હાથીધરા ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વનું રિહર્સલ નિવાસી અધિક કલેકટર શ્રી જે.એમ.રાવલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.આ વેળાએ નિવાસી અધિક કલેકટર શ્રી જે.એમ.રાવલ એ તિરંગો લહેરાવીને ખુલ્લી જીપમાં પોલીસ પરેડનું નિરક્ષણ કરતા જઈને અભિવાદન ઝીલ્યું હતું.

આ સમયે દાહોદ જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો પર સાંસ્કૃતિક કૃતિઓ પ્રદર્શિત કરતાં સમગ્ર માહોલ દેશભક્તિમાં રંગાઈ ગયો હતો. આ નિમિતે નિવાસી અધિક કલેકટર શ્રી જે. એમ. રાવલ એ સંબંધિત અધિકારીશ્રીઓને સ્વાતંત્ર્ય દિવસ નિમિતે કરવાની થતી જરૂરી સૂચનાઓ આપી હતી.-અખંડ ભારત

# નાઈ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સન્માન સમારોહ યોજાયો



અશોકભાઈ ભાટી - ડીસા શહેર ખાતે આવેલ નાઈ સમાજ ની વાડી માં નાઈ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાત ક્રિકેટ એસોસિયેશન અંતર્ગત બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા ડીસાના પૂર્વ ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યા ના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે નાઈ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શશીકાંતભાઈ પંડ્યા ને બનાસકાંઠા ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ બનવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેમના સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.-અખંડ ભારત

# ગાંધીનગર જિલ્લાનો કલા મહાકુંભ મગોડી હાઈસ્કૂલમાં યોજાયો

ચાવડા જગતસિંહ - ગાંધીનગર જિલ્લાનો કલા મહાકુંભ મગોડી હાઈસ્કૂલ મા યોજાયો જેમાં શ્રી માણેકપુર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી નાથીબેન બાબુભાઈ ડોસાભાઈ ચૌધરી વિદ્યા સંકુલની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો જેમાં નીચે મુજબ વિદ્યાર્થીનીઓ એ નંબર પ્રાપ્ત કરેલ છે રબારી જસ્સી મોતીભાઈ વક્તૃત્વ સ્પર્ધા મા દ્વિતીય,ચૌધરી સાનિયા રમેશભાઈ ચિત્રકલા માં તૃતીય,શ્રી એસ.એમ.ચૌ.પ્રાથમિક શાળા ગરબા માં તૃતીય, શ્રીમતી તારાબેન રસિકલાલ ફુલચંદ શાહ સાર્વ. હાઈસ્કુલ તથા શ્રી ઈશ્વરભાઈ બાપુભાઈ ચૌધરી ઉચ્ચ. માધ્યમિક શાળા ગરબા માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું અને ગામનું ગૌરવ વધારેલ છે શ્રી માણેકપુર કેળવણી મંડળ અને શાળા પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.-અખંડ ભારત

# વેડચ ગામે તિરંગા યાત્રા યોજાઈ



ગંભીરસિંહ મકવાણા - હર ઘર તિરંગા અભિયાન હેઠળ ભારતીય જનતા પાર્ટી જંબુસર તાલુકાના વેડચ ગામમાં તાલુકા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભક્તિનો માહોલ સર્જાયો આ કાર્યક્રમમાં ગામના તમામ નાગરિકો, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીના કારણે સમગ્ર ગામમાં દેશભક્તિનો અનેરો માહોલ જોવા મળ્યો હતો.-અખંડ ભારત

# ભાવનગર મહાનગરમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



વિકાસભાઈ ચોઈથાણી - સ્વતંત્રતા પર્વ – ૨૦૨૫ ની ઉજવણીના ભાગરૂપે ભાવનગર મહાનગર પાલિકા દ્વારા "હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા" ની થીમ સાથે ભાવનગર મહાનગરમાં ભવ્ય તિરંગા યાત્રા" નું આયોજન કરવામાં આવ્યું. આ તિરંગા યાત્રાનું પ્રસ્થાન એ. વી. સ્કૂલના ગ્રાઉન્ડ થી મહાનગર ના રાજમાર્ગો ફરી હતી. જેમાં યાત્રા રૂટ ના વિવિધ સ્થળો પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# ફતેપુરામાં તિરંગા યાત્રા યોજાઈ



રાકેશ રાવત - ફતેપુરા ખાતે ધારાસભ્યશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને યોજાયેલી તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ, પોલીસ, હોમગાર્ડના જવાનો, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, ગ્રામજનો,તથા વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. ધારાસભ્યશ્રીએ તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. શહેરના માર્ગો તિરંગા યાત્રાએ ફરીને નાગરિકોને ઘર ઘર તિરંગો લહેરાવવા સંદેશો પાઠવ્યો હતો. -અખંડ ભારત

# આહવા સ્વરાજ આશ્રમ માં રુદ્ર પૂજાનો કાર્યક્રમ યોજાયો



ઘિસારામ ચૌધરી - આહવા માં આજરોજ આર્ટ ઓફ લીવીંગ" પરિવાર દ્વારા ડાંગ જિલ્લામાં પવિત્ર શ્રાવણ મહિના દરમ્યાન બેંગ્લોરથી પધારેલ પૂ.સ્વામીજી તથા વેદ આમ્મા આચાર્ય દ્વારા "રૂદ્રપુજા" નું આયોજન તા.૧૨/૦૮/૨૦૨૫,મંગળવાર ટીમ્બર હોલ, ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા આયોજન કરવામાં આવેલ, જે રૂદ્રપૂજાના મંત્રોચ્ચાર દ્વારા અલૌકિક ભક્તિપૂર્ણ અને શક્તિદાયક વાતાવરણ સર્જાયું હતું. -અખંડ ભારત

# તાજપુરી થી રણુજા સંઘ નુ પ્રસ્થાન



સંજીવકુમાર શર્મા - હિંમતનગર તાલુકાના તાજપુરી ગામના પઢિયાર પરિવાર ને આંગણે થી ભુરાજી વણઝારા, આજ રોજ સવારે સાત વાગ્યે સંઘનું પ્રસ્થાન કરાવ્યું હતું અઢાર વર્ષથી ચંદુભાઈ વણઝારા સંઘ રામદેવરા જુના રણુજા પગપાળા જાય છે રોજ ના પીસ્તાલી થી પંચાસ કિલોમીટર ચાલવાનુ વીસ દિવસ માં રણુજા પોહચશે સવારે ચા નાસ્તો તથા બપોર જમવાની તથા રાત્રે રહેવાની તમામ સુવિધાઓ ચંદુભાઈ વણજારા તરફથી હોય છે પદયાત્રામાં નાના-મોટા થઈ ૧૦૦- માણસો ઉપર હોય છે તાજપુરી ગામ સરપંચ શ્રી ગામના આગેવાનો તથા આજુબાજુ ગ્રામજનો જનો મોટી સંખ્યામાં હાજર હતા-અખંડ ભારત

# જગતમંદિરે કાળીયા ઠાકોરનો ૫૨૫૨મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે, દેશભરમાંથી ભાવિકો ઉમટશે



ધનવંત વાયડા - યાત્રાધામ દ્વારકામાં જગપ્રસિધ્ધ દ્વારકાધીશજી મંદિરે આગામી શનિવારે તા.૧૬મી ઓગષ્ટના રોજ જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણનો ૫૨૫૨ માં જન્મોત્સવની પરંપરાગત રીતે ઊજવણી કરાશે. દ્વારીકાનગરીમાં ભગવાન દ્વારકાધીશજીના જન્મોત્સવને વધાવવા ભાવિકોમાં પણ જબરો થનગનાટ જોવા મળી રહયો છે અને સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત સહિત દેશભરમાંથી લાખો ભાવિકો કૃષ્ણ જન્મોત્સવ માં કાળિયા ઠાકોરના દર્શને પધારે તેવી સંભાવનાઓ જોવાઈ રહી હોય તંત્ર દ્વારા યાત્રીકલક્ષી સુવિધા અને સલામતીની આધુનિક ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે તમામ જરૂરી વ્યવસ્થાઓ હાથ ધરાઈ છે.બીજી બાજુ દેશ દુનિયાના ભાવિકો માટે ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ જીવંત પ્રસારણ ઉપલબ્ધ રહેશે અને કરોડો કૃષ્ણભકતો ઘેરબેઠાં જન્મોત્સવમાં જોડાઈ શકશે. જન્મોત્સવની ઊજવણી પૂર્વે દ્વારકામાં ભક્તિમય માહોલ જોવા મળી રહયો છે. ખાસ કરીને ગણતરીના દિવસો પુર્વે દ્વારકાના ગોમતી ઘાટ, જગતમંદિર આસપાસના વિસ્તારોમાં વ્યાપક ભીડ પણ જોવા મળી રહી છે. ભાવિકો ગોમતી નદીમાં પાવન ગોમતી સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધી રહયા છે.તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણતાના આરે કરી યાત્રીકોને સગવડતા રહે તે રીતે આયોજન કરાઈ રહ્યું છે. દર વર્ષની જેમ આ વખત પણ જગતમંદિર કલાત્મક લાઈટીગથી શણગારાશે. તો ભાવિકોને કીર્તિ સ્તંભથી પ્રવેશ અને છપ્પનસીડી વાટે જગતમંદિરમાં પ્રવેશી દર્શન કરી મોક્ષ દ્વારેથી નિકાસની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.જન્માષ્ટમી એટલે કે થાત્રાધામ દ્વારકાનો મુખ્ય તહેવાર લાખોની સંખ્યામાં ભક્તો જન્માષ્ટમી મનાવવા દ્વારકા આવતા હોય છે ત્યારે અત્યારથી જ હોટલ ગેસ્ટ હાઉસ માં બુકિંગ થવા લાગ્યા છે તેમની સાથે સુરક્ષા બાબતે પોલીસે સઘન પેટ્રોલિંગ સાથે બંદોબસ્ત પણ હાથ ધરવામાં આવ્યો છે આશરે ૧૨૦૦ થી વધારે પોલીસ કર્મચારીઓ આવતા યાત્રીકોની સુખાકારી માટે તૈનાત કરવામાં આવશે. તેમજ અશકતો, વૃદ્ધો માટે સી ટીમની પણ અલાયદી વ્યવસ્થા હર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવશે. જન્માષ્ટમીના તહેવાર દરમિયાન ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ તા. ૧૨/૮થી તા. ૧૯/૮ સુધી સુદર્શન સેતુના ઓખા તરફ આવેલા છેડેથી દ્વારકાધીશ મંદીર બેટ સુધી ભારે વાહન, ટ્રક તથા ખાનગી બસોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. વિવિધ રસ્તાઓ પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધઆગામી જન્માષ્ટમીના તહેવાર દરમિયાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તેમાટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તા. ૧૨/૮થી તા. ૧૭/૮ સુધી અમુક રસ્તાઓ પર ટુ વ્હીલ/ થ્રી વ્હીલ/ફોર વ્હીલ/ ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. દરવાજા સુધી (નો એન્ટ્રી) ફક્ત એક્ઝિટ રહેશે.જન્માષ્ટમી દરમિયાન પાર્કિંગ-નો પાર્કિંગ વિસ્તાર અંગે જાહેરનામુ આગામી જન્માષ્ટમીના તહેવાર દરમિયાન દ્વારકા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિકજિલ્લા મેજિસ્ટ્રેટને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(ગ)હેઠળ મળેલ સત્તાની રૂએ તા.૧૨/૮ થી તા. ૧૭/૮ સુધી દ્વારકા શહેરના કેટલાક વિસ્તારો નો પાર્કિંગ'' તેમજ પાર્કિંગ ઝોન તરીકે ઉપયોગમાં લેવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.પૂર્વ દરવાજાથી જોધાભા માણેક ચોક અને પૂર્વ દરવાજાથી ભથાણ ચોક સુધી ૫૦ મીટર ત્રિજ્યા, ત્રણબતી ચોકથી મહાજન બજાર ચાર રસ્તા, ત્રણબતી ચોકથી ભદ્રકાલી રોડ સુધી ૫૦ મી. ત્રિજ્યા, હોમગાર્ડ ચોકથી ત્રણબતી ચોક અને હોમગાર્ડ ચોકથી શાક માર્કેટ સુધી ૫૦ મી. ત્રિજ્યા, શાકમાર્કેટ ચોકની આજુબાજુના વિસ્તાર ૫૦ મીટર ત્રિજયામાં તેમજ એસટી ડેપોના આજુબાજુના વિસ્તાર ૧૦૦ મી. ત્રિજ્યામાં, જોધાભા માણેક ચોકથી શિવરાજસિંહ રોડ ઈસ્કોન ગેઈટ સુધી ૧૦૦મી. ત્રિજ્યા અને કીર્તિસ્તંભ સુદામા ચોક, ભથાણચોક, મટુકી ચોક તેમજ ભદ્રકાલી ચોક આજુબાજુના વિસ્તારના ૨૦૦ મી. ત્રિજ્યામાં નો પાર્કિંગ ઝોન'' તરીકે નિયત કરેલ છે.વિવિધ પાર્કિંગ ઝોન પણ જાહેર કરાયા છે, જે મુજબ હાથીગેટ પાર્કિંગ વ્યવસ્થા, સર્કિટ હાઉસ પાછળનું મેદાન, શારદાપીઠ કોલેજનું ખુલ્લુ મેદાન એસટી રોડ, રાજપુત સમાજ સામે ગોમતીઘાટ ખુલ્લુ મેદાન, સ્વામિનારાયણ મંદિર ગ્રાઉન્ડ પાછળનું મેદાન, રાવળા તળાવ ગ્રાઉન્ડ ઈસ્કોન ગેટની બાજુમાં, અલખ હોટલની બાજુમાં હાથીગેટની સામે ફોર વ્હીલ, થ્રી વ્હીલ તથા હેવી વાહનો માટે પાર્કિંગ વિસ્તાર રહેશે.-અખંડ ભારત

# કાવઠમાં તિરંગા યાત્રા યોજાઈ



વસંત પરમાર - સમગ્ર દેશમાં ૭૯માં સ્વાતંત્ર દિવસની ઉજવણી ભાગરૂપે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લાના કપડવંજના તાલુકાના કાવઠ ગામમાં વિશાળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું ખેડા જિલ્લાના ભાજપ પરિવાર થતા તાલુકા સંગઠન ના ભાજપના હોદેદારો કાર્યકરો પ્રજાજનો તથા શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ તિરંગા યાત્રામાં જોડાયા હતા.-અખંડ ભારત

# એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનનું ગૌરવ



વાદી બળવંતસિંહ - સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં એસોસીએટ પ્રોફેસર તરીકે કાર્યરત ડો. ઉષાદેવી એસ શારડાએ સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર વલ્લભ વિદ્યાનગર દ્વારા ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતના અબાલવૃદ્ધ સૌ માટે આયોજિત નિબંધ સ્પર્ધા : "મારા સ્વપ્રનું ગુજરાત " નિબંધ સ્પર્ધામાં કેટેગરી ૪ (૩૧ વર્ષથી વધુ વય)નામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે .કોલેજ પરિવારે તેમની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને મંત્રી શ્રી ડો.ભીખુભાઈ એન. પટેલ તથા ટ્રસ્ટ પરિવારે પણ ટ્રસ્ટનું ગૌરવ વધારવા બદલ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# ધાનપુર તાલુકા માં હર ઘર તિરંગા યાત્રા નો કાર્યક્રમ યોજાયો



-રમણભાઈ મોહનીયા - દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામા હર ઘર તિરંગા યાત્રા નો કાર્યક્રમ મંત્રી બચુભાઈ ખાબડ ના અધ્યક્ષ સ્થાને યોજાયો હર ઘર તિરંગા પ્યારા ઝંડા ઊંચા રહે હમારા દેશ દેશભક્તિ ના જુસ્સા સાથે યોજાયેલી યાત્રામાં સ્થાનિક રાજ્ય કક્ષાના મંત્રી બચૂભાઈ ખાબડ દાહોદ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ અભેસિંગ મોહનિયા ધાનપુર તાલુકા પંચાયત પ્રમુખ અભેસિંગ મોહનિયા પર્વ પ્રમુખ પ્રદિપસિંહ મોહનીયા ધાનપુર ભાજપા પાર્ટી પ્રમુખ રાકેશભાઈ ખાબડ જિલ્લા પંચાયત સદસ્યો તાલુકા પંચાયત સદસ્યો ધાનપુર તાલુકાના સરપંચ શ્રીઓ આગેવાનો નગરજનો હર ઘર તિરંગા યાત્રા દરમિયાન માં ભારે ઉત્સાહ ભેર જોડાયા આજ રોજ ધાનપુર ખાતે ખૂબ મોટી સંખ્યામાં તિરંગા યાત્રા રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું.-અખંડ ભારત

# માણસામાં તિરંગા યાત્રા યોજાઈ



દીપક કુમાર પટેલ - માણસા શહેરમાં તિરંગા યાત્રાનું આયોજન કર્યું જેમાં માણસા તાલુકા ના ધારાસભ્ય શ્રી જીએસ પટેલ અને મોટી સંખ્યામાં આગેવાનો તથા માણસા શહેરના ગ્રામજનોએ ભાગ લીધો હતો.-અખંડ ભારત

# નાંદોદમાં વિવિધ દિવાલો ઉપર સુંદર દિવાલચિત્રો બનાવી દેશપ્રેમ, એકતા અને સ્વચ્છતાનો સંદેશ અપાયા

જીતેન્દ્રસિંહ - સમગ્ર દેશમાં ૭૯મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે "હર ઘર તિરંગા" અભિયાન ઉત્સાહપૂર્વક ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લા કલેકટર શ્રી એસ.કે. મોદીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ વર્ષની થીમ 'હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતાનો ઉત્સવ, સ્વચ્છતા સાથે' વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ પહેલ અંતર્ગત નાંદોદ તાલુકાની વિવિધ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોની દિવાલો પર સુંદર દિવાલચિત્રો બનાવી




દેશપ્રેમ, એકતા અને સ્વચ્છતાનો સંદેશ પ્રસરાવવામાં આવી રહ્યો છે.વિજય ટેનિસ કોર્ટ કમ્પાઉન્ડ દિવાલ નજીક, ભીલ રાજા સર્કલ અને સ્ટેશન રોડ સડક ફડિયા આંગણવાડીની દિવાલ પર બનેલા આર્ટવર્કમાં ગામના દશ્યમાં ઘરો, નદી/તળાવ, વૃક્ષો અને દરેક ઘરમાં ફરકતો તિરંગો દર્શાવવામાં આવ્યો છે. મધ્યમાં મોટો ધ્વજસ્તંભ તથા આસપાસની હરિયાળી દેશના સૌંદર્ય અને સ્વચ્છતાનું પ્રતિબિંબ છે. આ ચિત્ર 'દરેક ઘરમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાનો સંકલ્પ'નો પ્રેરણાદાયી સંદેશ આપે છે. બીજા દિવાલચિત્રમાં એક નાગરિક હાથમાં રાષ્ટ્રીય ધ્વજ લઈને આગળ દોડી રહ્યો છે, જ્યારે પાશ્વભાગમાં અશોક ચક્ર અને તિરંગાના રંગો ઝળહળે છે. આ કલા કૃતિ દેશભક્તિની લાગણીને ઉજાગર કરે છે અને દરેક નાગરિકને દેશના વિકાસમાં સક્રિય ભાગીદારી માટે પ્રેરણા આપે છે. આ દિવાલચિત્રોએ સ્થાનિક લોકોના હૃદયમાં રાષ્ટ્રીય એકતા, ગૌરવ અને સ્વચ્છતાની ભાવના પ્રસરાવવાનો એક સશક્ત માધ્યમ બની રહ્યા છે.-અખંડ ભારત

# ગઢડામાં તિરંગા યાત્રા યોજાઈ




કોરડિયા અરવિંદભાઈ - ગઢડા ખાતે તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગઢડા ઉમરાળાના ધારાસભ્ય શ્રી શંભુનાથ ટુંડિયા બોટાદ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખશ્રી સુરેશભાઈ ગોધાણી ગોપીનાથ દેવ મંદિરના ચેરમેન શ્રી હરિજીવન સ્વામી તેમજ પાર્ટીના અન્ય હોદ્દેદારો તેમજ ગઢડા નગરપાલિકાના પ્રમુખ હિતેશભાઈ પટેલ હાજર રહ્યા હતા સ્વતંત્રતા દિવસ નિમિત્તે મહારેલીનું આયોજન થયું હતું.-અખંડ ભારત

# ધોળકામાં તિરંગા યાત્રા યોજાઈ



લીમ્બાચીયા શંભુભાઈ - હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત બુધવાર ધોળકા ખાતે તાલુકા વહીવટી તંત્ર અને પાલિકા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય કિરીટસિંહ ડાભીની અધ્યક્ષતામાં તિરંગા યાત્રાનો પ્રારંભ પાલિકા કચેરીથી થયો હતો. યાત્રા પાલિકાથી કલિકુંડ સર્કલ થઈ પરત નગરપાલિકા સુધી ફરી હતી. દેશભક્તિના ગીતો સાથે આ યાત્રામાં જોડાયેલા લોકો પોતાના હાથમા તિરંગો લઈને જોડાતા રાષ્ટ્રભક્તિનો જુવાળ ઉમટ્યો હતો. તિરંગા યાત્રામાં પ્રાંત અધિકારી, , પાલિકાના પ્રમુખ અશોકભાઈ મકવાણા, ધોળકા શહેર અને તાલુકા ભાજપના પ્રમુખો. ચીફ ઓફિસર. ધોળકા ટાઉન સ્ટેશનના પીઆઈ તથા પોલીસ સ્ટાફ, , વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓ, આગેવાનો. ચૂંટાયેલા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# પોરબંદરમાં રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ યોજાશે

થાનકી પ્રતિક - રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું આયોજન પોરબંદર ખાતે કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા.૧૪મી અને તા.૧૫મીએ રાજ્યપાલ આચાર્ય દેવરત, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિતના પદધિકારીઓની ગરિમામય ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી કરાશે.સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ તા.૧૪ના રોજ સાંજે ૪.૩૦ કલાકેથી જવાહર નવોદય વિદ્યાલપ ખાતે રાજ્યપાત્ર આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં એટહોમ કાર્યક્રમ યોજાશે છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના પદાધિકારીઓ અને પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત તા. ૧૪ના રોજ શ્રી કે.એચ.માથવાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબદર ખાતે સાંજે ૬.૩૦ કલાકે રાજ્યપાલ આચાર્ય દેવાત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ સાથે સામાજિક ક્ષેત્રે યોગાન આપનારા અને વિશિષ્ટ તિથીઓ પ્રામ કરનાર પોરબંદર જિલ્લાના નાગરિકોનું સમ્માન કરશે. આ ઉપરાંત વિકાસના કામોનું ખાતમુર્હુત-લોકાર્પણ કરાશે. આ તકે પોલીસ વિભાગ તરફ થી આયોજિત શસ્ત્ર પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવશે.તા. ૧૫ના રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના પદાધિકારીઓની ગરિમામષ ઉપસ્થિતિમાં શ્રી. કે. એચ.માધવાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ પોરબંદર ખાતે રાજયપક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ગરિમામય ઉજવણી કરવામાં આવશે. જેમા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સવારે ૯ કલાકે ધ્વજવંદન કરી, રાજયના નાગરિકોને પોરબંદરથી સંબોધન કરશે. આ તકે કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણીનાં ભાગરૂપે પોરબંદર શહેરમાં વિવિધ સ્થળોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈને રાત્રીના કલેક્ટર ઓફિસ, ડિઝારર ભવન, સેવાસન -૨, કોર્ટ, સર્કિટ હાઉસ સહિતની સરકારીઈમારતોમાં માર્ગ અને મકાનના ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા રોશનીથી શણગારવામાં આવ્યા છે.-અખંડ ભારત

# કલોલમાં સરપંચોનો સન્માન સમારંભ યોજાયો




ઠાકોર દિલીપજી- કલોલમાં નવનિયુક્ત સરપંચોનો સન્માન કરવાનો કાર્યક્રમ યોજાતા આ પ્રસંગે કલોલ તાલુકા ના ધારાસભ્યશ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (બકાજી) અને રિશીતા શાહ ઉપસ્થિત રહી નવનિયુક્ત સરપંચ/ઉપસરપંચોનું સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

# શિનોરમાં તિરંગા યાત્રા યોજાઈ



સબ્બીર રાઠોડ - આગામી સ્વાતંત્ર્ય દિન ૧૫ મી ઓગસ્ટ ને લઈને સમગ્ર દેશ મા હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતા કા ઉત્સવ ,સ્વચ્છતા કે સંગ, થીમ ઉપર ઠેર ઠેર દેશ ભરમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે શિનોર મુકામે આજ રોજ તારીખ ૧૩ ઓગસ્ટ વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ રસિકભાઈ પ્રજાપતિ ની ઉપસ્થિતિમાં શિનોર ગ્રામ પંચાયત સરપંચ કિન્નલબેન પટેલ, ઉપ સરપંચ નિતિન ખત્રી અને ગ્રામ પંચાયત ના સદશ્યોએ , એ.પી.એમ.સી. ચેરમેન સચીન પટેલ ના સહયોગ અને માર્ગદર્શન હેઠળ તિરંગા યાત્રાનું આયોજન કર્યું હતું.આ તિરંગા યાત્રામાં જ્યાં જ્યાં થી રેલી પસાર થતી ત્યાં આ રેલી ને જોઈને દેશ ભક્તિનો મહોલ બનતાં આ સર્વ જ્ઞાતિની આ રેલી એ ભારે આકર્ષણ જમાવ્યું હતું.-અખંડ ભારત

# જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મેંદરડા સામાકાંઠા વિસ્તારમાં જુગાર અખાડા પર દરોડોઃ ૪૦ ઈસમો ઝડપાયા, રૂ. ૧૯,૬૪,૦૯૦ નો મુદામાલ કબ્જે

કિશન બહેચા - જૂનાગઢ એલસીબી ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. પટેલ તથા ક્રાઈમ બ્રાન્ચની ટીમ સતત વોચ તપાસ દરમ્યાન રઠી પ્રોહિબીશન તથા જુગારના કેસોની શોધખોળમાં પ્રયત્નશીલ હતી. આ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢની ટીમને સંયુક્ત રીતે ખાનગીરાહે ચોક્કસ બાતમી મળી કે, મેંદરડા સામાકાંઠા વાડી વિસ્તારમાં રહેતા લવ મહેશભાઈ સોલંકી તથા ઉત્સવ હમીરભાઈ બાલાસરા પોતાના કબજા અને ભોગવટાના ખેતરના ગોડાઉનમાં બહારથી માણસોને બોલાવી ગંજીપતાના પાન વડે તીનપત્તી નામનો જુગાર રમાડીને નફો કમાઈ રહ્યા છે. આ બાતમી આધારે સદરહુ સ્થળે પહોંચી, આસપાસ કોર્ડન કરી દરોડો પાડતાં જુગાર રમતા કુલ ૪૦ ઈસમોને રોકડ તથા અન્ય મુદામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.






ઝડપાયેલા આરોપીઓઃ- (૧) લવ મહેશભાઈ વેજાનંદભાઈ સોલંકી, ઉ.વ.૨૮, ખેતી, મેંદરડા સામાકાંઠા વાડી વિસ્તાર. (૨) ઉત્સવ હમીરભાઈ જેઠસુરભાઈ બાલાસરા, ઉ.વ.૨૯, ખેતી, મૂળ મઘરવાડા તા. કેશોદ, હાલ જુનાગઢ. (૩) જોરૂભાઈ વાસુરભાઈ ઉનડભાઈ ખુમાણ, ઉ.વ.૩૬, ડ્રાઈવીંગ, અમરગઢ. (૪) જયદિપ ઉર્ફે જીલો પ્રવિણભાઈ મુળજીભાઈ કુકડીયા, ઉ.વ.૩૨, મિસ્ત્રીકામ, મેંદરડા અજમેરા ચોક. (૫) અનિલ કેશવભાઈ પ્રેમજીભાઈ જેઠવા, ઉ.વ.૩૬, મિસ્ત્રીકામ, મેંદરડા. (૬) જયદિપ ઉર્ફે લાલો અનિલભાઈ મકનભાઈ વઘાસીયા, ઉ.વ.૩૨, હોટલ નોકરી, મેંદરડા. (૭) સંદિપ જેન્તિભાઈ ખુંટ, ઉ.વ.૪૧, વેપાર, મેંદરડા. (૮) વિક્રમભાઈ અજીતભાઈ નાગભાઈ વાળા, ઉ.વ.૪૪, ખેતી, અમરગઢ. (૯) અક્ષય પ્રવિણચંદ્ર વિરેશ્વરભાઈ મહેતા, ઉ.વ.૨૭, ટ્રેક્ટર ડ્રાઈવીંગ, જુનાગઢ. (૧૦) કિશોર ખીમજીભાઈ ભગુભાઈ વરૂ, ઉ.વ.૩૪, ખેતી, ખીમપાદર. (૧૧) મિતેષ હરદાસભાઈ કેશરભાઈ સોલંકી, ઉ.વ.૩૧, અભ્યાસ, મેંદરડા. (૧૨) વિશાલ ઉર્ફે બારોટ કેશુભાઈ પરબતભાઈ લખધીર, ઉ.વ.૩૨, ડ્રાઈવીંગ, મેંદરડા. (૧૩) હિરેન પરબતભાઈ મયાભાઈ વાઢીયા, ઉ.વ.૨૪, વેપાર, મેંદરડા. (૧૪) અંકિત પરબતભાઈ ગોવિંદભાઈ કંડોરીયા, ઉ.વ.૨૦, ડ્રાઈવીંગ, ખડીયા. (૧૫) રાહુલ મનસુખભાઈ ઠાકરશીભાઈ કુંભાણી, ઉ.વ.૨૪, વેપાર, મેંદરડા. (૧૬) સાહીલ દિનેશભાઈ રવજીભાઈ વેકરીયા, ઉ.વ.૨૮, વેપાર, મેંદરડા. (૧૭) ચેતન કનાભાઈ વશરામભાઈ વકાતર, ઉ.વ.૨૫, માલઢોર, હાલ જુનાગઢ. (૧૮) ધરમ મગનભાઈ બાબુભાઈ પીઠવા, ઉ.વ.૨૫, ગેરેજ, જુનાગઢ. (૧૯) સફીક સકુરભાઈ અબાભાઈ સોલંકી, ઉ.વ.૨૯, ફુટપાથ, મેંદરડા. (૨૦) પ્રતાપભાઈ સોમાતભાઈ હરસુરભાઈ ઘાંઘલ, ઉ.વ.૩૫, ખેતી, હાલ મેંદરડા. (૨૧) ભુપેન્દ્રભાઈ ગોલણભાઈ રાઠોડભાઈ મકવાણા, ઉ.વ.૪૨, ખેતી, મેંદરડા. (૨૨) ધર્મેશ હાજાભાઈ રામશીભાઈ રાવલીયા, ઉ.વ.૩૦, ખેતી, મેંદરડા. (૨૩) હાર્દિકગીરી બુધ્ધગીરી હેમગીરી મેઘનાથી, ઉ.વ.૩૫, ડ્રાઈવીંગ, સમઢીયાળા. (૨૪) ભાવીન ઉર્ફે બેરો વિનોદભાઈ ભાદાભાઈ ગજેરા, ઉ.વ.૩૨, ખેતી, સમઢીયાળા. (૨૫) સિદ્ધરાજ જગુભાઈ જેઠસુરભાઈ બાયલ, ઉ.વ.૨૮, પ્રા. નોકરી, મેંદરડા. (૨૬) જય મનસુખભાઈ નાનજીભાઈ ગોંડલીયા, ઉ.વ.૩૦, પ્રા. નોકરી, મેંદરડા. (૨૭) હિરાભાઈ પુંજાભાઈ આલાભાઈ ચાવડા, ઉ.વ.૨૯, ડ્રાઈવીંગ, મેંદરડા. (૨૮) નિતીન ભોવાનભાઈ દાનાભાઈ ચાવડા, ઉ.વ.૨૭, ડ્રાઈવીંગ, મેંદરડા. (૨૯) રાહુલ ગભરૂભાઈ ભનુભાઈ તગમડીયા, ઉ.વ.૨૭, વેપાર, મેંદરડા. (૩૦) કરણભાઈ નાથાભાઈ રાવલીયા, ઉ.વ.૨૪, ખેતી, ખડીયા. (૩૧) સતીષ રાજુભાઈ સોલંકી, ઉ.વ.૨૮, મજૂરી, મેંદરડા. (૩૨) આકાશ પ્રકાશભાઈ સોનરાત, ઉ.વ.૩૫, ડ્રાઈવીંગ, મેંદરડા. (૩૩) જબરભાઈ અમરાભાઈ જલુ, ઉ.વ.૩૫, ખેતી, માલણકા. (૩૪) જબરભાઈ જગુભાઈ ડાંગર, ઉ.વ.૪૪, ખેતી, માલણકા. (૩૫) મિલન પુંજાભાઈ ડાંગર, ઉ.વ.૨૯, વેપાર, મેંદરડા. (૩૬) રોનકભાઈ દિનેશભાઈ વેકરીયા, ઉ.વ.૨૬, નોકરી, મેંદરડા. (૩૭) ચનાભાઈ સામતભાઈ રાઠોડ, ઉ.વ.૩૫, વેપાર, મેંદરડા. (૩૮) મયંક રજનીકાન્તભાઈ ચૌહાણ, ઉ.વ.૨૪, વેપાર, મેંદરડા, હાલ અમદાવાદ. (૩૯) દિપ રમેશભાઈ ભટ્ટ, ઉ.વ.૨૭, પ્રા. નોકરી, મેંદરડા.મુદામાલઃ રોકડ રૂ.૨,૦૧,૦૯૦/- પાથરણા ૩, ગંજીપતાના પાના ૧૫૬, ગંજીપતાની કેટ ૧૩, મો. ફોન ૩૩ કી.રૂ. ૪,૩૩,૦૦૦/-, મો.સા. ૨૩ તથા ૪ વ્હીલર ૧ કી.રૂ. ૧૩,૩૦,૦૦૦/-.કુલ મુદામાલ કી.રૂ. ૧૯,૬૪,૦૯૦/- કબ્જે કરવામાં આવ્યો છે.તમામ આરોપીઓ વિરુદ્ધ મેંદરડા પોલીસ સ્ટેશન ખાતે જુગાર અધિનિયમ કલમ ૪, ૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.અખંડ ભારત

## ડીટવાસ ખાતે તિરંગા યાત્રા યોજાઈ



રાકેશ માલીવાડ - કડાણા તાલુકાના ડીટવાસ ગામ ખાતે "હર ઘર તિરંગા અભિયાન" તથા "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રાની શરૂઆત એકલવ્ય માધ્યમિક શાળા થી કરી પોલીસ સ્ટેશન માર્ગે મધ્યસ્થ શાળાએ પૂર્ણ કરવામાં આવી હતી. -અખંડ ભારત

## દાહોદમાં ભવ્ય જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા યોજાઈ



વિપુલકુમાર બારીયા - રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વ—૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે તથા રાષ્ટ્રધ્વજના સન્માનમાં ×હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા× અભિયાન અંતર્ગત આજે દાહોદ જિલ્લામાં જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રા જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને ભવ્યતા અને ઉત્સાહપૂર્વક યોજાઈ હતી.-અખંડ ભારત

## ધાનપુરમાં તિરંગા યાત્રા યોજાઈ

વાદી બળવંતસિંહ - ધાનપુર ખાતે માનનીય મંત્રીશ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં ભવ્યાતિભવ્ય તિરંગાયાત્રા યોજાઈ હતી તિરંગા યાત્રામાં જિલ્લા સભ્યશ્રીઓ,તાલુકા સભ્યશ્રીઓ,પોલીસ વિભાગની તમામ ટીમ,ફોરેસ્ટ વિભાગની સમગ્ર ટીમ,કોલેજ તથા શાળાના તમામ વિધાર્થીઓ,આરોગ્ય વિભાગની તમામ ટીમ આજના આ ભવ્ય તિરંગા યાત્રામાં જોડાઈને તિરંગા યાત્રાને સફળ બનાવી હતી. -અખંડ ભારત



## કડીના મણીપુરમાં વૃદ્ધની ધારિયાના ઘા ઝીંકી હત્યા

અવિનાશ ચાવડા - કડી ના બાવલું ગામ પાસે આવેલ મણિપુર ગામની સીમમાં આવેલ ચોકવનાર ઘટના સામે આવી નર્મદા કેનાલ ની બાજુમાં રહેલ ઓરડીઓ માં રહેતા ૬૦ વર્ષીય પરપ્રાંતીય વ્યકિત ની હત્યા કરવામાં આવી.બાવલું પોલીસ ને ઘટના ની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી.ઓરડીમાં રહેતા ઓનકારસિંહ સોનમલ નામના વ્યકિત ની હત્યા કરવામાં આવી.પોલીસ કર્મચારી દ્વારા જાણવાં મળેલ કે ઘટના દરમ્યાન ઓનકારસિંહ અને એક કર્મચારી જોડે અગમ્ય કારણોસર ઝઘડો થયો હતો.બોલાચાલી ના ઝઘડામાં સાથી કર્મચારીએ ધારિયા વડે ઘા મારી ઓનકાર સિંહ ને માંથા ના ભાગે અને શરીર ના અન્ય ભાગે ઘા માર્યા હતા.

ધારિયા ના ઘા ગંભીર વાગતા ઘટના સ્થળે જ વૃદ્ધ નું મોત નીપજ્યું હતું.બાવલું પોલીસ ડોગ સ્કોવડ અને એફ.એસ. એલ. ટીમ બોલાવી ને તપાસ હાથ ધરી છે.-અખંડ ભારત

## બાલવા ખાતે એથ્લેટીક્સ રમતો યોજાઈ

ચાવડા જગતસિંહ - માણસા તાલુકાનો એથ્લેટિક્સ રમતોત્સવ તા.૬/૮/૨૦૨૫ ને બુધવાર ના રોજ શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ બાલવા મુકામે યોજાયો. જેમાં શ્રી માણેકપુર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી નાથીબેન બાબુભાઈ ડોસાભાઇ ચૌધરી વિદ્યા સંકુલ ના વિદ્યાર્થી ઠાકોર નિકુંજ મહેશજી ઉંચીકુદ માં પ્રથમ સ્થાન, ઠાકોર ચિરાગ છગનજી લંગડી ફાળ કુદ માં પ્રથમ સ્થાન, ચૌધરી કેયુર પ્રહલાદભાઈ ગોળા ફેકમાં દ્વિતીય સ્થાન ઠાકોર પંકજ મુકેશજી ૨૦૦દ્ધ દોડમાં દ્વિતીય સ્થાન ઠાકોર હર્ષ નિલેશકુમાર ગોળાફેક અને ચક્રફેક માં દ્વિતીય સ્થાન, ઠાકોર અરમાન સંજીવ કુમાર ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન, ઠાકોર જૈમીન જીતેન્દ્રકુમાર ૪૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન, બિહોલા દિવ્યરાજસિંહ વિજયસિંહ ૬૦૦ દ્ધ. દોડ માં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું અને ગામનું ગૌરવ વધાર્યું છે શ્રી માણેકપુર કેળવણી મંડળ અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

## સરહદ ડેરી દ્વારા ૫ કરોડ ૧૫ લાખ રૂપિયા અંતિમ ભાવ સ્વરૂપે પશુપાલકોને ચુકવ્યા

બલરામ એસ સાધુ - સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલે જણાવ્યુ હતું કે આજે સરહદ ડેરી એ ઐતિહાસિક ૪૫ કરોડ રૂ. અંતિમ ભાવ માટે ના આઠમા રાઉન્ડ નું ચૂકવણુ કરવામાં આવ્યું. કેન્દ્ર સરકાર ના ''સહકાર થી સમૃદ્ધિ'' પ્રોજેકટ અંતર્ગત સરકાર ની સૂચના મુજબ આજે ૧૩૨ દૂધ મંડળીઓના ૭૮૨૪ પશુપાલકો ને ૫ કરોડ ૧૫ લાખ રૂપિયા સીધા તેમના બેન્ક ખાતામાં ચૂકવી આપવામાં આવેલ છે.-અખંડ ભારત

## સ્વાતંત્ર્ય સેનાની વકીલ મેઘજીભાઈ ભેંસાણીયાની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે સ્મૃતિ સ્મારકને હારતોરણ

કિશન બહેચા - જુનાગઢ ભેંસાણ તાલુકા મામલતદાર કચેરી ખાતે સ્વાતંત્ર્ય સેનાની, સત્યાગ્રહી વકીલ અને આઝાદીના લડવૈયા શ્રી મેઘજીભાઈ જેઠાભાઈ ભેંસાણીયાની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મામલતદાર શ્રી પારઘી સાહેબ, વિસાવદર-ભેંસાણના ધારાસભ્ય શ્રી ગોપાલભાઈ ઈટાલિયા, આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ હરેશભાઈ સાવલિયા, તાલુકા પ્રમુખ કિશોર સાવલિયા, પત્રકાર એકતા પરિષદના તાલુકા પ્રમુખ ગોપાલભાઈ ભેંસાણીયા તથા મેઘજીભાઈના પૌત્ર ભોવાનભાઈ ભેંસાણીયા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## નિકાવામાં તિરંગા યાત્રા યોજાઈ



ગમધા મયંક - કાલાવડ તાલુકાના નિકાવા ગામમાં આઝાદી કા અમૃત મહોત્સવ આયોજિત તિરંગા યાત્રા યોજવા માં આવી હતી જેમાં નિકાવા તાલુકા શાળા ના વિદ્યાર્થી દ્વારા એક રેલી યોજી હતી તેમાં ગામ લોકો સહભાગી બન્યા હતા-અખંડ ભારત

## ઉચ્છલ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



બિપિનચંદ્ર નાઈક - તાપી જિલ્લા ઉચ્છલ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી સાથે તાપી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ શ્રી સુરજભાઈ વસાવાજી, ૧૭૨-નિઝર વિધાનસભાના ધારાસભ્ય શ્રી ડૉ.જયરામભાઇ ગામીતજી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી જાલમસિંહ વસાવાજી, ઉચ્છલ તાલુકા પંચાયતના પદાધિકારીઓ,ઉચ્છલ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ તેમજ શાળાના વિદ્યાર્થીઓ પોલીસ જવાનો અને અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## હિંમતનગર જુગાર રમતા ચાર ઝડપાયા

સંજીવકુમાર શર્મા - હિમતનગર મહેતાપુરા કૈલાશપુરી શેરીમા અમીત પ્રવિણભાઈ લુહારના ઘર આગળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીપા ના પતા રમતા પૈસાનો હારજીતનો જુગાર રમી રહયા છે જે હકીકત આધારે સર્વેલન્સ સ્કોર્ડના માણસો સાથે રેઈડ કરતા ત્યાથી (૧) ત્રિકમભાઈ ખેમાભાઈ સલાટ રહે, માયઓન સ્કુલ પાસે સલાટવાસ હિંમતનગર જી.સાબરકાંઠા (૨) અંકીત નૈનેશભાઈ શાહ રહે, રબારીવાસ



મહેતાપુરા, હિંમતનગર જી.સાબરકાંઠા (૩) દલપતસિંહ લાભુસિંહ સોલંકી રહે, મરઘા કેંદ્ર પાસે, મહેતાપુરા, હિંમતનગર જી.સાબરકાંઠા (૪) ઈન્દ્રવદન ઉર્ફે અમિત પ્રવિણભાઈ લુહાર રહે,કૈલાશપુરી શેરી,મહેતાપુરા, હિંમતનગર જી.સાબરકાંઠાનાઓ હાર જીત નો જુગાર રમી રમાડતા ગંજીપાના તથા રોકડ રકમ રૂપીયા.૧૪,૩૦૦/-ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય જેથી તમામ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.-અખંડ ભારત

# આઝાદી માટે પસંદ કરી ઓગસ્ટ મહિનાની ૧૫ તારીખ












આપણા દેશમાં આઝાદી મળતાં દર વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ ભારતમાં દેશભરમાં સ્વતંત્રતા દિવસ ઉત્સાહ અને ગર્વથી ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતના ઈતિહાસમાં એક સુવર્ણ પાનું છે, જે આપણને સ્વતંત્રતાના મૂલ્ય અને મહત્વની યાદ અપાવે છે.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ પંડિત જવાહરલાલ નહેરુએ દિલ્હીના લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો હતો અને તેમનું ઐતિહાસિક ભાષણ આપ્યું હતું.

આ દિવસ ભારત માટે એક નવા યુગની શરૂઆત હતી. સ્વતંત્રતા દિવસનું મહત્વ ફક્ત સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી મર્યાદિત નથી. તે આપણને અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા આપવામાં આવેલા બલિદાનની યાદ અપાવે છે.

વાસ્તવમાં આ તારીખ ભારતના છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટ દ્વારા પસંદ કરવામાં આવી હતી. માઉન્ટબેટને આ તારીખ એટલા માટે પસંદ કરી કારણ કે તે બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના શરણાગતિની બીજી વર્ષગાંઠ હતી. ૧૫ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ



જાપાને મિત્ર રાષ્ટ્રો સમક્ષ આત્મસમર્પણ કર્યું અને માઉન્ટબેટન તે સમયે દક્ષિણપૂર્વ એશિયામાં મિત્ર રાષ્ટ્રના કમાન્ડર હતા, તેને એક મહત્વપૂર્ણ તારીખ માનતા હતા. વધુમાં માઉન્ટબેટને જૂન ૧૯૪૭માં જાહેરાત કરી હતી કે ભારત ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ સ્વતંત્ર થશે. આ તારીખ પસંદ કરવામાં વહીવટી અને રાજકીય તૈયારીઓ પણ સામેલ હતી, કારણ કે બ્રિટિશ સરકાર શક્ય તેટલી વહેલી તકે ભારતને સત્તા સ્થાનાંતરિત કરવા માંગતી હતી.

લાંબા સંઘર્ષ પછી ૧૯૪૭માં ભારત બે સ્વતંત્ર દેશો ભારત અને પાકિસ્તાનમાં વિભાજીત થયું. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ મધ્યરાત્રિએ ભારતને ઔપચારિક રીતે સ્વતંત્રતા મળી હતી.

આ દિવસ આપણી એકતા, રાષ્ટ્રીય ગૌરવ અને દેશ પ્રત્યેની ફરજની ભાવનાને મજબૂત બનાવે છે. દર વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ વડા પ્રધાન લાલ કિલ્લા પર તિરંગો ફરકાવે છે અને રાષ્ટ્રને સંબોધિત કરે છે.શાળાઓ, કોલેજો અને સરકારી કચેરીઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પરેડ અને દેશભક્તિના ગીતોનું આયોજન કરવામાં આવે છે. આ દિવસ આપણને લોકશાહી, સમાનતા અને ભાઈચારાના મૂલ્યોને અપનાવવા પ્રેરણા આપે છે.

## બોરીયા બેચરાજીમાં તિરંગા યાત્રા અને વૃક્ષારોપણ કરાયું



દશરથ ઝાલા - તલોદ તાલુકાના બોરીયા બેચરાજી ગામ ખાતે ''હર ઘર તિરંગા'' અભિયાન અંતર્ગત આયોજીત તિરંગા યાત્રામાં રાષ્ટ્રપ્રેમના ભાવ સાથે પ્રાતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિહ પરમાર ઉપસ્થિત રહી ભવિષ્યની પેઢી સાથે દેશના વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી સૌને વૃક્ષો નો ઉછેર અને જતન કરવા અપિલ કરી હતી.આ પ્રસંગે ગામના સરપંચશ્રી દક્ષાબેન મહેન્દ્રભાઈ ચમાર,એસ.એમ.સી ચેરમેન ગજેન્દ્રસિહ ઝાલા,તાલુકા સદસ્ય સંજયસિહ ઝાલા,શાળાના આચાર્ય કપિલાબેન પટેલ શાળા સ્ટાફ પરિવાર વિદ્યાર્થી વાલીઓ અને ગ્રામજનોએ હાજરી આપી હતી- અખંડ ભારત

## બાકોરમાં તિરંગા યાત્રા યોજાઈ

રાકેશ માલીવાડ - ખાનપુર તાલુકાના બાકોર મુકામે તિરંગા યાત્રા યોજાઈ હતી આ યાત્રા માં બાકોર મામલતદાર કચેરી સ્ટાફ તથા તાલુકા પંચાયત કચરી સ્ટાફ તથા પોલીસ સ્ટેશન સ્ટાફ તથા વન વિભાગના ફોરેસ્ટ ખાતા સ્ટાફ તથા હોમગાર્ડ યુનિટ સહિત તમામ ખાનપુર તાલુકાના વિવિધ કર્મચારી ઓ જોડાયા હતા સાથે સાથે



ભારતીય જનતા પાર્ટીના સંગઠન ના હોદ્દેદારોતથા ચૂંટાયેલા પોખના પ્રતિનિધિ શ્રી હાજર રહ્યાં હતા તેમજ શાળા ઓના શિક્ષકો, વિદ્યાર્થીઓઅનેગામ ના આગેવાનો જોડાયા હતા. -અખંડ ભારત

## ભાદ્રોડ ગામ ખાતે યોજાઈ તિરંગા યાત્રા



વાઘ કરણ - ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભાદ્રોડ ગામ ખાતે "હર ઘર તિરંગા અભિયાન" તથા "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ યાત્રાની શરૂઆત ગ્રામ પંચાયત થી કરી વીરઆતા ચોક માર્ગે થઈ ગ્રામ પંચાયત પૂર્ણ કરવામાં આવી હતી. -અખંડ ભારત

## દાસજમાં નાગપાંચમનો મેળો ભરાયો

પટેલ જતીનકુમાર - ઊંઝા તાલુકાના દાસજ ગામે નાગ પોચમ નો મેળો ભરવાનો દાસજ ગામમાં ગોગા મહારાજ પૌરાણીક મંદિરમાં નાગપાંચમનો મેળો ભરાતા સહેલાણીઓ અને ભક્તો મોટી સંખ્યામાં મેળાની મોજ માણવા ઉમટી પડી દર્શન અને મેળાનો આનંદ માણ્યો હતો.-અખંડ ભારત

## ડાંગ ખાતે રાષ્ટ્ર ભક્તિના નારા સાથે યોજાઈ તિરંગા યાત્રા



ઘિસારામ ચૌધરી - ૧૩ અગસ્ત આજ રોજ હર ઘર તિરંગા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લા માં દેશભક્તિના રંગે રંગાયેલા દેશ સમસ્ત ની જેમ ગુજરાતના આવેલા નાનકડા પણ ખુબસુરત જિલ્લા ડાંગમાં પણ રાષ્ટ્રભક્તિનો રંગ દેખાઈ રહ્યો છે ગાંધી બાગ સર્કલ થી શહીદ સ્મારક થઈ આહવા આંબાપાડા ફુવારા સર્કલ થી સઈદ સ્મારક સુધી તિરંગા યાત્રા માં ડાંગ જિલ્લાના લોકલાડીલા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સાહેબ ડાંગના ભાજપના મહામંત્રી હરિરામ ભાઈ સાવંત કિશોરભાઈ ગાવીત ગીરીશભાઈ મોદી સાહેબ ગામના આગેવાનો સરપંચ શ્રી ઉપ સરપંચ શ્રી પંચાયતના સભ્યો આહવા ના તમામ વેપારી મિત્રો આહવા ના નાગરિકો અને કાર્યકર્તાઓ આ તિરંગા યાત્રા મેં જોડાયા હતા.-અખંડ ભારત

# ઈરા શાળામાં હેડ બોય અને હેડ ગર્લની ચૂંટણીમાં હિરેન પટેલ અને દિપીકા યાદવ વિજયી




વિપુલકુમાર બારીયા - દેવગઢ બારીયાની ઈરા શાળા ખાતે હેડ બોય અને હેડ ગર્લની ચૂંટણીનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણી દરમિયાન તમામ ઉમેદવારોએ પોતાની તથા પોતાના ચૂંટણી નિશાનની ઓળખ આપી અને શાળા તથા વિદ્યાર્થીઓના હિતમાં કરવાની યોજનાઓ અને જવાબદારી અંગે પોતાના વિચારો રજૂ કર્યા.શાળાના ટ્રસ્ટી શ્રી ગજવિજયસિંહ સાહેબે હેડ બોય અને હેડ ગર્લ પદની ફરજો તથા નેતૃત્વના મહત્ત્વ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. ધોરણ ૧ થી ૧૦ના તમામ મોનિટરો દ્વારા મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી.પરિણામ મુજબ હેડ બોય તરીકે પટેલ હિરેન પોપટભાઈ અને હેડ ગર્લ તરીકે યાદવ દિપીકા સંદીપભાઈ વિજયી બન્યા. વિજેતાઓને શાળા પરિવાર તથા સાથી વિદ્યાર્થીઓ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા અને તેમના સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. - અખંડ ભારત

# ઝરણાવાડી સીમમાં થી ચાર માસ અગાઉ ૯.૪૪ લાખ ના વાયરોની ચોરીની નોધાઈ ફરિયાદ

પ્રતીક પ્રજાપતિ - નેત્રંગ-ઝંખવાવ રોડ પર આવેલ ઝરણાવાડી ગામમાં એક ખેતરમાં નાખવામાં આવેલ સોલાર પ્લાન્ટ માંથી ચોરી થયેલ કેબલ વાયરો તેમજ તસ્કરોએ કરેલ નુકશાન બાબતની પોલીસ ફરિયાદ છે ક ચાર માસનો સમયગાળો વિતી ગયા બાદ નોંધાતા નેત્રંગ પંથકમાં ચકચાર મચી જવા પામી છે. જયારે અનેક તર્ક વિતર્ક લોકમાનસમાં ચાલી રહ્યા છે.બીજી તરફ સામાન્ય માણસ ની જો બાઇક ચોરી થઈ હોય તો તેની ફરિયાદ સાત દિવસ પછી તણ પોલીસ લેતી નથી. જ્યારે મોટી કંપનીઓ થતી ચોરીની ફરિયાદ ચાર માસ પછી બિન્દાસ નોધાતી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.નેત્રંગ તાલુકાના ઝરણાવાડી ગામની સીમમાં દતુભાઈ ગોવિંદભાઈ પટેલના સર્વે નંબર ૧૫૬ તથા સર્વે નંબર ૧૫૭ વાળી ખેતીની જમીનમાં સિદ્ધ વિનાયક કનોટ્રસ એન્ડ પ્રિન્ટસ પ્રા.લી. આ પ્લાન્ટ ની દેખરેખ કાસા આર્ક એલ.એલ.પી કંપનીને સોપેલ હોય,સદર સોલાર પ્લાન્ટ માંથી તા.૧૨ એપ્રિલ ૨૦૨૫,તા.૨૩ એપ્રિલ ૨૦૨૫ અને તા.૨૪ જુલાઈ ૨૦૨૫ ના રોજ કોઇ સમયે સોલાર પ્લાન્ટમાં ફીટ કરવામાં આવેલ એસ.તેમજ ડીસી કેબલ ૨૩૮૦૦ મીટર જેની કિંમત રૂ ૯,૨૮,૨૦૦/= તેમજ જંકશન બોકક્ષ નંગ ૮ કિંમત રૂ.૧૬,૦૦૦/= મળી કુલ્લે રૂ.૯,૪૪,૨૦૦/= ની તસ્કરો તસ્કરી જતા અને કનેકટર નંગ ૩૯૦ કિમત રૂ ૪૨,૫૧૦/= ફયુલ નંગ ૩૯૦ કિંમત ૧૧૭૦/= પાઈપ નંગ ૫૦૬ કિંમત રૂ ૨૨,૭૭૦/= મળી કુલ્લે રૂ.૬૬,૪૫૦/= નું નુકસાન કરેલ હોય, જેની ફરિયાદ તા.૧૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ કાસા આર્ક એલ.એલ.પી.પ્રા.લી.ના વિનીતકુમાર રાજુ સિંધે અને સિદ્ધ વિનાયક કોનટ્રસ એન્ડ પ્રિન્ટસ પ્રા.લી.ના એકાઉન્ટ તેમજ ઈન્સ્યોરન્સ વિભાગમાં ફરજ બજાવતા બબલુ મહેન્દ્ર ઝા નાઓએ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.- અખંડ ભારત

# બોરલાઈ-૨ માં તિરંગા યાત્રા યોજાઈ



વિરેન્દ્ર ધોડી - ઉમરગામ તાલુકાના બોરલાઈ-૨ ગાડાંપાડા ફળિયામાં આંગણવાડીનાં કાર્યકર ટીનાબેન ના અધ્યક્ષતામાં હર ઘર તિરંગા રેલી કાઠવામાં આવી,ભારત માતા કી જય ના નારા બોલાવામાં આવ્યા, રેલીમાં ઉપસ્થિત મહેમાનો સામાજિક કાર્યકતા વિરેન્દ્રભાઈ ધોડી,બાળકો ના વાલીઓ,અને આંગણવાડીનાં કાર્યકર ટીનાબેન એ આવનાર મહેમાનો આભાર વ્યક્ત કરી કાયૅકમ ને સમાપ્ત કર્યો હતો,- અખંડ ભારત

# પોશીના ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



કાન્તિ પંચાલ- સાબરકાંઠા જિલ્લાના પોશીના મુકામે હર ઘર તિરંગા હર ઘર સ્વછતા અભિયાન અંતર્ગત શાનદાર તિરંગા યાત્રા યોજવામા આવી હતી તાલુકામા આવેલી કોલેજથી સમગ્ર બજાર થઈ સ્વામિનારાયણ મંદિર સુધી તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી જેમાં અનેક લોકો અને કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા - અખંડ ભારત

# છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી રાજકોટથી ઝડપાયો



મુનાફ શેખ -ભરૂચ જિલ્લાના ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક અજય કુમાર મિણા એ પેરોલ જમ્પ ફરારી આરોપી તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગેની ખાસ ઝુંબેશ રાખી હતી, જેના અનુસંધાને ભરૂચ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા, પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર એસ રાઠોડ, હેડ કોન્સ્ટેબલ મગનભાઈ દોલાભાઈ દ્વારા એક ટીમ બનાવી જિલ્લાના બનેલા ગુનાઓમાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપીઓને પકડવા સારું રાજકોટ ખાતે તપાસમાં ગયેલ હતા, તે દરમિયાન મળેલ બાતમી અને હ્યુમન રીસોર્સ અને ટેકનિકલ સર્વિલન્સ ના આધારે ઝઘડિયા પોલીસ સ્ટેશન માં એક ગુનાના કામનો નાસતો ફરતો આરોપી મુકેશ માલજીભાઈ રાઠોડ રહે. રાબદાર, સરપંચ ફળિયુ તા. જી. દાહોદ, હાલ રહે. અરણી તા. ઉપલેટા જી. રાજકોટને અરણી મુકામેથી હસ્તગત કર્યો હતો, ત્યારબાદ હસ્તગત કરેલા આરોપીને આગળની કાર્યવાહી માટે ઝઘડિયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# ગુંદીક્યારા પ્રા. શાળા માં તિરંગા યાત્રા યોજાઈ



ડામોર મંજુલા બેન - મેઘરજ તાલુકાના ગુંદિકયારા પ્રા. શાળા માં આચાર્ય શ્રી ઉદેસિંહ તથા સ્ટાફના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા યાત્રા યોજાઈ હતી જેમાં બાળકોને તિથિ ભોજન આપીને તિરંગા યાત્રા પૂર્ણ કરવામાં આવી હતી - અખંડ ભારત

# "ગુજરાતની પ્રાથમિક શાળાઓ માં હવે પરિણામ પત્રક માત્ર શિક્ષક નહીં પણ વિદ્યાર્થી પોતે, સહપાઠી અને વાલીઓ દ્વારા તૈયાર થશે અને બનશે 'હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ'

ધવલ શર્મા - "ગુજરાતમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સરકારનો મોટો નિર્ણય, માત્ર લેખિત કસોટીથી મૂલ્યાંકન ન કરવાને બદલે થશે અનોખું મૂલ્યાંકન." મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના નેતૃત્વ હેઠળ લેવાયો છે. આ માટે શિક્ષણવિદ ડૉ. જયેન્દ્રસિંહ જાદવની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી, જેણે ગુજરાતની જરૂરિયાત મુજબનું પ્રગતિ પત્રક તૈયાર કર્યું છે. ગુજરાત સરકારે રાજ્યની ધોરણ ૧ થી ૮ ની તમામ શાળાઓમાં ૩૬૦ ડિગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન માળખું લાગુ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. આ નવી પદ્ધતિ માત્ર લેખિત પરીક્ષાના ગુણાંક પર આધારિત નહીં રહે, પરંતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ, એટલે કે જ્ઞાન, કૌશલ્ય, મૂલ્યો, અને વર્તનનું પણ મૂલ્યાંકન કરશે.નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાના માર્ગદર્શન હેઠળ લેવાયેલો આ નિર્ણય, શિક્ષણને પરીક્ષા-કેન્દ્રિત બનાવવાને બદલે જીવન માટે જરૂરી કૌશલ્યો વિકસાવવા પર ભાર મૂકશે. આ પહેલ "જેવું શિક્ષણ, તેવું મૂલ્યાંકન" ના સિદ્ધાંત પર આધારિત છે.ગુજરાત સરકારે શિક્ષણની ગુણવત્તા સુધારવા અને બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે ધોરણ ૧ થી ૮ માં ૩૬૦ ડિગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન માળખું અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આ નવી પદ્ધતિમાં વિદ્યાર્થીઓના ગુણાત્મક અને શૈક્ષણિક પ્રદર્શન ઉપરાંત તેમના બોધાત્મક, ભાવનાત્મક અને મનોગામિક પાસાઓનું પણ મૂલ્યાંકન થશે. શિક્ષક, વિદ્યાર્થી, સહપાઠી અને વાલીઓ દ્વારા તૈયાર થનાર 'હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ' વિદ્યાર્થીની પ્રગતિનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરશે. આ પહેલથી ગોખણપટ્ટીને બદલે સર્જનાત્મકતા અને જીવન માટે જરૂરી કૌશલ્યો વિકસશે.પરંપરાગત મૂલ્યાંકનથી અલગ એવું આ મૂલ્યાંકન કરવામાં આવશે.

અત્યાર સુધી, વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન મુખ્યત્વે લેખિત પરીક્ષાઓ અને ગુણાંક પર આધારિત હતું. પરંતુ આ નવી પદ્ધતિમાં, વિદ્યાર્થીઓની માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં, પણ તેમના વર્તન, સહકાર, મૂલ્યો અને અભિગમનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે. આ માળખું બોધાત્મક (જ્ઞાન અને સમજ), ભાવનાત્મક (વલણ અને મૂલ્યો), અને મનોગામિક (શારીરિક કૌશલ્યો) જેવા પાસાઓને આવરી લેશે. આનાથી શિક્ષણ માત્ર પરીક્ષા પૂરતું સીમિત નહીં રહે, પરંતુ વિદ્યાર્થીઓના સમગ્ર જીવનને તૈયાર કરવા માટે ઉપયોગી બનશે.

મૂલ્યાંકન પ્રક્રિયામાં તમામ વિભાગ કરશે મૂલ્યાંકન. આ નવી પદ્ધતિની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં ચાર વ્યક્તિઓ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીની પ્રગતિનું સર્વાંગી પ્રતિબિંબ મળે.

શિક્ષક વિદ્યાર્થીના શૈક્ષણિક પ્રદર્શન, વર્ગખંડની પ્રવૃત્તિઓ અને વર્તનનું અવલોકન કરીને મૂલ્યાંકન કરશે.

સહપાઠી દ્વારા પણ થશે મૂલ્યાંકન, વિદ્યાર્થીઓ એકબીજાના સહકાર, ટીમ વર્ક અને પ્રદર્શનનું મૂલ્યાંકન કરશે. આનાથી જવાબદારી અને પરસ્પર સમજણ વધશે.

વાલીઓ ઘરના વાતાવરણ, બાળકના રસ અને શોખ વિશે પ્રતિસાદ આપશે અને થશે મૂલ્યાંકન.

વિદ્યાર્થીઓ પોતે પણ પોતાની શકિતઓ અને સુધારાના ક્ષેત્રોનું મૂલ્યાંકન કરશે. આનાથી સ્વ-જાગૃતિ અને આત્મવિશ્વાસ વધશે. હવેથી હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ (એચ પી સી) બનશે.આ તમામ મૂલ્યાંકનોને (એચ પી સી)માં એકીકૃત કરવામાં આવશે. આ કાર્ડ માત્ર એક પરિણામ પત્રક નહીં, પરંતુ વિદ્યાર્થીની પ્રગતિ અને વિકાસનું દર્પણ બનશે. તે ગોખણપટ્ટીને બદલે સર્જનાત્મકતા, સહકાર અને વિચારશીલતા જેવા કૌશલ્યોને પ્રોત્સાહન આપશે.. . અખંડ ભારત

# ચરાડા હનુમાન દાદાના મંદિરમાં ગદાની ભેટ અપાઈ



સુનિલભાઈ - માણસા તાલુકાના ચરાડા ગામે તારીખ ૧૩ ૮ ૨૦૨૫ ના બુધવારના રોજ શ્રી બરાડીયા હનુમાનજી મંદિરમાં શાંતાબેન બબાભાઈ બિહારી ચૌધરી હસ્તે ફોરમબેન વિષ્ણુભાઈ તરફથી શ્રી બરાડીયા હનુમાન દાદા ને ગદા ની ભેટ આપવામાં આવી છે તો સમસ્ત ચરાડા ગામ તથા ચૌધરી સમાજના ભાઈઓ અને બહેનોએ અભિનંદન પાઠવ્યા હતા-અખંડ ભારત



# જન્માષ્ટમી પર્વની ઉજવણી

પંચાલ ધાર્મિક - આસ્થા પ્રાયમરી સ્કૂલ તથા આનંદ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં જન્માષ્ટમી મહોત્સવ આનંદમય વાતાવરણમાં ઉજવાયો. આ અવસરે વિદ્યાર્થીઓ દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવને અનુરુપ વક્તવ્ય રજૂ કરાયા. પરંપરાગત વેશભૂષામાં વિદ્યાર્થીઓએ ગરબા નૃત્ય કરી સૌને આનંદિત કર્યા. સાથે જ મટકી ફોડ જેવા રમૂજી અને રોમાંચક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું.કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ભગવાન શ્રીકૃષ્ણના જીવન મૂલ્યોને ઉજાગર કર્યાહતા.-અખંડ ભારત

# ટંકારા ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો



ગજેરા પ્રદીપ ભાઈ - વિદ્યાભારતી સંલગ્ન માધવ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી શિશુમંદિર ટંકારા ખાતે આજ રોજ શ્રી કૃષ્ણ જન્મોત્સવ અન્વયે મટકી ફોડ અને રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.ધામધૂમથી ઉજવાયેલ આ ઉત્સવમાં મોટી સંખ્યામાં વાલીઓ,સોસાયટીનાં રહીશો તેમજ શિશુમંદિરનાં કાર્યકર્તાઓ મહેશભાઈ, રાજેશભાઈ, ડાયાલાલભાઈ, જયેશભાઈ, બેચરભાઈ વગેરે હાજર રહયા હતા.-અખંડ ભારત

# હરિપુરામાં તિરંગા રેલી યોજાઈ

પ્રભુભાઈ - હરિપુરા (વ) ગામ ના નાગરિકો , સરપંચ શ્રી, રાઠવા કનીબેન પ્રભુભાઈ તથા આંગણવાડી કાયૅકરશ્રી,તેડાગર શ્રી, આશાવકૅર શ્રી, અને આરોગ્ય માંથી નર્શ બહેન તથા શાળા ના બાળકો, શિક્ષકશ્રી, સૌ સાથે મળી સ્વતંત્ર દિવસની ઉજવણી ના ભાગ રૂપે હરઘર તિરંગા તથા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામ માં રેલી કાઢી ગામ માં સૌને સ્વચ્છતા વિષે સમજણ આપી હતી.-અખંડ ભારત

# જય આદિવાસી મહાસંઘ ઝઘડિયા દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું



મુનાફ શેખ - ઝઘડિયા તાલુકાના જય આદિવાસી મહાસંઘ દ્વારા ઝઘડિયા તાલુકાના આદિવાસી વિસ્તારોના ગામડાઓમાં રોડ રસ્તા પાણી વીજળી વગેરેની નાગરિકોની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સંઘના પ્રમુખ મનુભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને ઝઘડિયાના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે, આવેદનપત્રમાં તેમણે ઝઘડિયા તાલુકામાં આવેલ તમામ ફોરેસ્ટ વિલેજના ગામોને તાત્કાલિક ધોરણે રેવન્યુમાં ફેરવવામાં આવે તેવી માંગણી કરી છે, વન અધિકાર કાયદો ૨૦૦૬ મુજબ સામુહિક દાવા અરજીઓ કરેલ છે જેમાં ડીએલસી તરફથી ફક્ત બે થી ત્રણ જ અધિકારો મંજૂર કરેલ છે જેમાં બાકીના અધિકારો મંજુર કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે, વન અધિકાર કાયદો ૨૦૦૬ મુજબ વ્યક્તિગત દાવા અરજીઓ કરવામાં આવેલ છે અને આ દાવાઓનું ક્ષેત્રફળ પૈસા કાનુન ૧૯૯૬ મુજબ ગ્રામસભા યોજી ગ્રામસભાની માંગણી મુજબનું ક્ષેત્રફળ મંજૂર કરેલ છે પરંતુ ડીએલસી તરફથી જે પણ દાવાઓ મંજૂર કરેલ છે તે એકદમ ઓછા ક્ષેત્રફળ મંજૂર કરી આદેશપત્ર આપેલ છે અને તાત્કાલિક ગ્રામસભાના મંજુર ક્ષેત્રફળ પ્રમાણે જમીન મંજૂર કરવામાં આવે તેવી માંગણી કરી છે, ડેબાર ગામે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલ છે તેમાં ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે ૧૫ થી ૨૦ કિલોમીટર અપડાઉન કરે છે જેમાં વિદ્યાર્થીઓનો સમય બગડે છે સલામતી બાબતે જોખમ છે તેથી સ્થાનિક લેવલે છોકરા અને છોકરીઓ માટે અલગ હોસ્ટેલની સુવિધા ઉભી કરવા માંગણી કરી છે,? તાલુકામાં આવેલી તમામ પ્રાથમિક શાળામાં એસએમસી બનાવેલ છે તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં એસએમડીસી બનાવેલ છે જેમાં સરકાર તરફથી આપવામાં આવતી ફંડ ની વિગત તેમ જ આ ફંડ ક્યાં ક્યાં વાપરવામાં આવ્યું એ જાહેર જગ્યાએ ગામ અને શાળાના નોટિસ બોર્ડ પર જાહેર કરવામાં આવે તેવી માંગણી કરી છે, જંગલ જમીનના દાવેદારોને આદેશપત્ર આપેલ છે તેવા દાવેદારોને જમીન તેમજ બોર મોટર લાઇટની વ્યવસ્થા માટે સીમિત લક્ષ્યાંકમાં મંજૂરી મળે તેવી માંગણી કરી છે, વન અધિકાર કાયદાના દાવેદારોને અધિકારપત્ર મળેલ છે તેવા દાવેદારોઓને સરકાર તરફથી પીએમ કિસાન યોજના હેઠળ બે હજાર રૂપિયા આપવામાં આવે તેનો લાભ પણ મળે તેવી માંગણી કરી છે, રેવન્યુ જમીનમાં આવેલ બોર અને કુવા તેમજ વૃક્ષોની એન્ટ્રી સાત બાર આઠ અ માં કરવામાં આવે, પીપળીપાન ગામમાં આવેલ ધોરણ ૧ થી ૫ ની શાળામાં છેલ્લા એક વર્ષથી ફક્ત એક જ શિક્ષક દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વહીવટી કાર્યભાર સાંભળવામાં આવે છે તેથી બાળકોના શિક્ષણ કાર્ય અને ભવિષ્ય બાબતે ચિંતા નો વિષય છે તો વહેલી તકે પૂરતા શિક્ષકની ભરતી કરવાની માંગણી કરી છે, પીપરીપાન થી અમલઝર ગામ તેમજ જાજપુર ને જોડતો પાકો ડામર રોડ, દરિયા ગામ થી પીપળીપાને જોડતો પાકો ડામોર રોડ, પીપળીપાન ગામ થી પડવાણિયા ગામ અને રામપુર ગામ ને જોડતો રોડ પર એક ગરનાળુ અને પુલ બનાવવો, કદવાલી ગામથી રામપુર ગામને જોડતો પાકો ડામર રોડ, રજલવાડા ગામ થી સ્મશાન સુધીનો રસ્તો તથા જામોલી ગામને રોડ નો પાકો રસ્તો, જાંમોલી ગામથી સ્મશાન સુધી પાકો ડામર રોડ તેમજ પ્રાથમિક શાળાને આંગણવાડીના મકાન જર્જરી હાલતમાં છે જેના કારણે બાળકોનો જીવ જોખમાઈ રહ્યો છે જે મકાન નવા બનાવવા તથા પ્રાથમિક શાળામાં એક જ શિક્ષક છે તો ત્યાં બાકી શિક્ષકની ભરતી કરવાની માંગણી કરવામાં આવી છે, ઝઘડિયા થી વાયા રાજપારડી પડવાણિયા ગામ સુધી લોકોએ તેમજ બહારગામની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આવવાની જવાન કરવામાં સરળતા રહે તે માટે તાત્કાલિક બસ સુવિધા ચાલુ કરવાની માંગણી કરી છે, રજલવાડા બસ સ્ટેશન થી ચોકી ગામ સુધી ખાલક કંપની ગામથી ખાલક ગામમાં જતો રોડ, કેસરવા ગામથી વલા ગામના સ્મશાન સુધીનો રોડ, કેસરવા ગામ પ્રાથમિક શાળા નજીક ગટર લાઇનની વ્યવસ્થા, ખાલક કંપની થી વલી ગબાણ ગામને જોડતો પાકો ડામર રોડ, કપાટ ગામ ની પ્રાથમિક શાળાથી વન વસાહત સુધી પાકો ડામર રોડ, ધોલી ગામ થી સ્મશાન સુધીનો પાકો ડામર રોડ, ધોલી ગામમાં ગટરની વ્યવસ્થા તેમજ પાણીના નિકાલ માટે ગટર લાઈન, બાંડાબેડા ગામ થી શિયાલી ગામ તેમજ ગામમાંથી સ્મશાન સુધીનો પાક ડામર રોડ, સરકારી બોરીદરા ગામમાં જીઈબી ની ટીસી નીચલા ફરિયા પ્રાથમિક શાળા સુધીનો ડામર રોડ બનાવવાની માંગણી કરી છે.- અખંડ ભારત

## ખોડંબા હાઈસ્કૂલની વિદ્યાર્થીની કલા મહાકુંભમાં ઝળકી



ધર્માંશુ સગર - અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા ની શ્રી જી. એ. ડાભી વિદ્યામંદિર અને શ્રી બી કે પટેલ ઉ મા શાળા ખોડંબા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અરવલ્લી મોડાસા દ્વારા આયોજિત કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાએ પણ વય ગૃપ ૬ થી ૧૪ માં શાળાની ધોરણ ૯ ની વિદ્યાર્થીની આસ્થા નરેન્દ્રકુમાર પટેલે વકતૃત્વ સ્પર્ધામાં વિષયમિત્રતા - જીવનનો સાચો રત્ન વિશે ધારદાર રજૂઆત કરી સમગ્ર અરવલ્લીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કરેલ છે ખોડંબા એજ્યુકેશન ટ્રસ્ટ ખોડંબા ,શાળાના આચાર્ય શ્રી પી એસ પટેલ તથા શાળા પરિવારે માર્ગદર્શક શિક્ષક શ્રી નિલેશકુમાર કે પ્રજાપતિ તથા આસ્થાને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.- અખંડ ભારત

## ભિલોડા તાલુકામાં આવેલ ટોરડા હાઈસ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી



સંકેત પરમાર - યોગીવર્ય સદગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની અસીમ કૃપા, કરૂણા અને કૌતુકથી શિક્ષણ સાથે સંસ્કાર, ભણતર સાથે ઘડતર કરતી શ્રી નવજીવન વિદ્યાલયમાં જીવનની પ્રગતિ અને મૈત્રી તરફ લઈ જતો ભાઈ -બહેનની પ્રીતના પ્રતિક સમો તહેવાર જે પ્રેમ, પરાક્રમ, શૌર્ય અને સંયમનો સહયોગ તરીકે આજે પણ અકબંધ છે તેવો રક્ષાબંધનનો પર્વ ઉજવાઈ ગયો. શાળાના વિધાર્થીઓ દ્વારા રક્ષાબંધનનું સામાજિક અને ધાર્મિક મહત્વ, ભાઈ બહેનના ગીતો રજુ કર્યા હતા શાળાની ૧૫૦ દીકરીઓએ ૧૧૮ વિધાર્થીઓને રાખડી બાંધી વિજય, રક્ષણ, દીર્ધાયુ તેમજ ખુશીઓ માટે ભાઈ બહેનનું મો મીઠુ કરી લાગણી વ્યક્ત કરી હતી. શાળાના આચાર્ય પિનાકીન એન. પટેલ દ્વારા શ્રાવણ માસ એટલે વરસાદ, ઉપવાસ, ભક્તિ માસ ની સાથે તહેવારોનો માસ તેમજ શ્રાવણ :આધ્યાત્મિક સાથે આરોગ્યનો સંયમ નો પરિચય કરાવ્યો હતો રક્ષાબંધન, બળેવ, નાળિયેરી પૂનમ, યજ્ઞોપવિત ઉપરાંત પૌરાણિક કથાઓની ઝાંખી કરાવી હતી જેવી કે બલિરાજા-વિષ્ણુ ભગવાન, ઈન્દ્ર -અસુરો, અભિમન્યુ -દાદી કુંતા માતા, શ્રી કૃષ્ણ ભગવાન - દ્રૌપદી, મેવાડની રાણી કમાવતી-હુમાયુ -બહાદુરશાહ, દરિયા છોરું, બ્રાહ્મણો શ્રાવણ સુદ પૂનમના દિવસે પોતાની જનોઈ બદલે છે આ સાથે ૯ ઑગસ્ટના દિવસે વિશ્વ આદિવાસી દિવસનું મહત્વ સમજાવી બિરસા મુંડા, ગુરુગોવિંદ સિંહ, વેગડા ભાઈના પરાક્રમ અને મહારાણા પ્રતાપ અને ઝાંસીની રાણીની મદદે આદિવાસી ભાઈઓનું મહત્વ સમજાવી સમગ્ર સૃષ્ટિ માં જળ, જંગલ, જમીન, સંસ્કૃતિ, પ્રકૃતિ, પૃથ્વી પરના માનવ, જીવન સૃષ્ટિ, પશુ -પંખી જાળવણીમાં સિંહ ફાળો રહ્યો છે અને આ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. અખંડ ભારત

## લુણપુર પ્રાથમિક શાળામાં તિથી ભોજન અપાયું



સોલંકી દલપતસિંગ
ડીસા તાલુકાની લુણપુર પ્રાથમિક શાળામાં શિક્ષકગણ વતી આજ રોજ તમામ બાળકોને શ્રાવણ માસ નિમિત્તે દાળ,બાટી, છાસ, ઘી, ગોળ, મરચાનું ફૂલ ભાણું પવિત્ર શ્રાવણ માસમાં તીથી ભોજન પેટે આપવામાં આવ્યું. જેમાં લુણપુર ગામના યુવા સંગઠને ખભેથી ખભો મિલાવી ખૂબ સહકાર આપ્યો હતો.-અખંડ ભારત

## નેત્રંગ દેશ ભક્તિના રંગે રંગાયું



પ્રતીક પ્રજાપતિ - નેત્રંગ : હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા : સ્વતંત્રતા સ્વચ્છતા કે સંગ અભિયાન અંતર્ગત ભરૂચ જિલ્લામાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજ રોજ નેત્રંગ તાલુકા વહીવટીતંત્ર દ્નારા નેત્રંગ ખાતે તાલુકા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા દેશભક્તિના જુસ્સા અને તિરંગાના માન-સન્માન સાથે યોજાઈ હતી. આ વર્ષની થીમ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતાઃ સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં તાલુકા વાસીઓ ઉમંગભેર જોડાઈને દેશભક્તિ અને સ્વચ્છતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.
-અખંડ ભારત

## શિનોરના અંબાલીમાંથી ખનીજ ચોરી કરતા ચાર વાહનો સાથે રૂ.દસ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો



શબ્બીર રાઠોડ - શિનોર તાલુકાના અંબાલી ગામે ગતરોજ રાત્રિના અંદાજિત ૧૦ વાગ્યા ના અરસામાં સપાટો બોલાવી સ્થળ પરથી ૩ ડમ્પર તથા ૧ જે.સી.બી મશીન ડિટેઇન કરી અંદાજિત રૂપિયા ૧૦ લાખ થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો,અને ત્યારબાદ તમામ મુદ્દામાલ શિનોર મામલતદાર કચેરી ખાતે લાવીને વધુ કાર્યવાહી અર્થે ખાણ ખનીજ વિભાગ ને જાણ કરવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છેકે શિનોર તાલુકાના અંબાલી ગામેસપાટોબોલાવી અંદાજિત ૧૦ લાખ થી વધુનો મુદ્દામાલ જપ્ત કરી માટી ચોરો સામે કરવામાં આવેલ કાર્યવાહી નેપગલે માટી ચોરોમાંફફડાટ ફેલાયો છે.-અખંડ ભારત

## તખ્તેશ્વર મહાદેવ મંદિર માં સમૂહ સફાઈ કરાઈ



નિલેશભાઈ પીંજણી - હર ઘર સ્વચ્છતા"અભિયાન અંતર્ગત. હર ઘર તિરંગા,હર ઘર સ્વચ્છતા"અભિયાન અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના તખ્તેશ્વર વોર્ડ માં આવેલ તખ્તેશ્વર મહાદેવ મંદિર ની સમૂહ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ જેમાં માનનીયશ્રી મેયર ,માન. ચેરમેનશ્રી- સ્ટેન્ડીંગ કમિટિ ,નગરસેવકશ્રીઓ,એનજીઓ ,સામાજિક સંસ્થાઓ તથા નાગરિકો જોડાયા હતા.-અખંડ ભારત

## દાહોદમાં આરોગ્ય વિભાગની તાલિમ યોજાઈ



કમલેશભાઈ પટેલ - દાહોદ જીલ્લા પંચાયતના સભાખંડ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા બોન્ડેડ મેડિકલ ઓફિસરશ્રીઓને આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ આરોગ્ય કાર્યક્રમોની તાલીમ આપવામાં આવી.આ તાલીમ કાર્યક્રમ દરમિયાન બોન્ડેડ મેડિકલ ઓફિસરશ્રીઓને રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત ચાલી રહેલા આરોગ્ય કાર્યક્રમો, રોગપ્રતિકારક અભિયાન, માતા અને બાળ આરોગ્ય, પોષણ, મલેરિયા, ડેન્ગ્યુ તેમજ અન્ય ચેપજન્ય રોગોના નિવારણ અને સારવાર અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું.જિલ્લા આરોગ્ય અધિકારીઓએ મેડિકલ ઓફિસરશ્રીઓને ગ્રામ્ય સ્તરે આરોગ્ય સેવાઓ વધુ કાર્યક્ષમ રીતે પહોંચાડવા માટે જરૂરી તકો અને પડકારો અંગે ચર્ચા કરવામાં આવી હતી.-અખંડ ભારત

## શિનોરમાં આનંદની હાઈસ્કુલ ખાતે તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

શબ્બીર રાઠોડ - શિનોર તાલુકા કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ મામલતદાર એમ.જે બારીયાના હસ્તે તારીખ ૧૫ મી ઓગસ્ટ શુક્રવાર આનંદી માધ્યમિક શાળામાં સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે. અવાખલ શ્રેયસ વિદ્યાલયમાં ૦૮:૩૦ કલાકે નવનીત પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવશે. સાધલી ગ્રામ પંચાયત કચેરીએ સવારે ૦૭:૩૦ કલાકે ધ્વજવંદન અને ૦૮-૦૦ કલાકે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પમાળા ,ભારત વિદ્યાલય સાધલી, પીએમ શ્રી પ્રાથમિક શાળા સાધલી, મનન વિદ્યાલય, શ્રવણ સંસ્કાર વિદ્યાલય ,મદીના મસ્જિદ તથા અન્ય સંસ્થાઓ ભારતના ૭૯ માં સ્વાતંત્ર દિનની ધ્વજવંદન કરીને ઉજવણી કરનાર છે.
-અખંડ ભારત

## કાલોલ દેશ ભક્તિના રંગે રંગાયું



પર્વતભાઈ પટેલ - કાલોલ નગર ખાતે ભારતીય જનતા પાર્ટી કાલોલ તાલુકા અને શહેર મંડળ દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તિરંગા યાત્રામાં પંચમહાલ લોકસભા સાંસદશ્રી તથા ધારાસભ્યશ્રી ફતેસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા અને સૌ સાથે સહભાગી થવાનો અવસર પ્રાપ્ત કર્યો હતો.યાત્રામાં કાલોલ તાલુકાના વિવિધ ગામો અને શહેરમાંથી રાષ્ટ્રપ્રેમી નાગરિકો, કાર્યકરો, પદાધિકારીઓ તેમજ યુવા વર્ગે ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન "જય હિંદ" અને "વંદે માતરમ"ના નારા ગુંજી ઉઠ્યા હતા.-અખંડ ભારત

## વિરમગામ ખાતે વિભાજન વિભીષિકા પ્રદર્શન યોજાયું



પટેલ કમલેશભાઈ - અખંડ ભારત સંકલ્પ કાર્યક્રમ અંતર્ગત વિરમગામ ટાઉનહોલ મુકામે વિભાજન વિભીષિકા પ્રદર્શની નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં અમારી સંસ્થા શ્રી આનંદ પ્રાથમિક થી માધ્યમિક શાળા ના વિધાર્થીઓ ભારત ના ૧૮૫૭ ના અખંડ ભારત થી આજ ના ભારત વિશે ની સુંદર પ્રદર્શની નિહાળી અને તજજ્ઞ દ્વારા અખંડ ભારત સંકલ્પ ની માહિતી આપવામાં આવી હતી.-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697